નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :15 JUNE 2024 I SATURDAY I Page : 19 I Year : 2 I Issue :67 I Price: 2/-




અગ્નિકાંડ નહીં, આ નકલીકાંડ છે

જુઓ પેજ નં.૦૩

# પંજાબ-હરિયાણા સહિત દેશના 14 રાજ્યોમાં પાંચ દિવસ હીટવેવનું એલર્ટ

## તાપમાન ૪૪થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા

સામના મિરર, સંવાદદાતા

એક તરફ દેશમાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે અને અનેક રાજ્યોમાં ચોમાસું બેસી ગયું છે. તેવામાં ભારતીય હવામાન વિભાગ (ઈંખઉ)એ જમ્મુ-કાશ્મીરના જમ્મુ વિભાગ, હિમાચલ પ્રદેશના મેદાની અને નીચલા ભાગો, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશના મેદાની વિસ્તારોમાં આગામી ચારથી પાંચ દિવસ સુધી ભીષણ ગરમીનો પ્રકોપ રહેવાની આગાહી કરી છે.

હાલ દદક્ષિણ-પશ્ચિમ ચોમાસું હવે દક્ષિણના રાજ્યોમાંથી થઈને ઉત્તર ભારત તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ત્યારે પહાડી રાજ્યો સહિત સમગ્ર ઉત્તર પશ્ચિમ, ઉત્તર અને પૂર્વ ભારત ભારે ગરમીની ઝપેટમાં છે. જમ્મુથી લઈને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સુધીના મેદાની વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. હવામાન વિભાગે પંજાબ અને હરિયાણા સહિત ૧૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આગામી ચારથી પાંચ દિવસ માટે હીટ વેવ માટે એલર્ટ જાહેર કર્યું છે. આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાન ૪૪થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે. પાંચ દિવસ પછી કેટલાક વિસ્તારોમાં પ્રિ-મોન્સુન વરસાદથી ગરમીથી થોડી રાહત મળી શકે છે.

### શિમલામાં ગરમીએ ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં શુક્રવારે ૧૦ વર્ષ બાદ મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અગાઉ વર્ષ ૨૦૧૪માં જૂન મહિનામાં મહત્તમ તાપમાન ૩૧.૪ ડિગ્રી નોંધાયું હતું. ઈંખઉએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૪ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન, બિહારના બક્સરમાં સૌથી વધુ ૪૭.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી પારો ૪૪ ડિગ્રીની આસપાસ રહ્યો છે.






# જી-૭ સમિટમાં મોદીએ કરી જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત

નવી દિલ્હી : ઇટાલીના વડાપ્રધાન જયોજીર્યા મેલોનીના વિશેષ આમંત્રણથી જી-૭ પરિષદમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરૂવારે રાત્રે (સ્થાનિક સમય પ્રમાણે) એપુલિયા વિસ્તારમાં આવેલા રિસોર્ટ ફેસેનો પહોંચ્યા હતા. જયાં વીતેલા વર્ષોના રોમન-સામ્રાજયની પરંપરા પ્રમાણે તેઓનું બ્યુગલના નાદ સાથે સ્વાગત કરાયું હતું. તે સમયે ત્યાં ઉપસ્થિત રહેનારા ભારતીય વંશના નાગરિકોએ પણ તેઓને વધાવ્યા હતા. તે સમયે ઇટાલીની ત્રણે સેનાઓના અધિકારીઓ પણ ઉપસ્થિત હતા.સતત ત્રીજી વાર વડાપ્રધાન પદે નિયુકત થયેલા મોદીની પોતાનો પદભાર સંભાળ્યા પછી આ સૌથી પહેલી વિદેશ યાત્રા છે.આ શિખર પરિષદમાં મુખ્ય કાર્ય સૂચી તો રશિયા યુક્રેન યુદ્ધ, ઈઝરાયલ-હમાસ યુદ્ધ અને ચીન મુખ્ય મુદ્દાઓ બની રહેશે. ચીન કે પાકિસ્તાનને આ પરિષદમાં નિમંત્રણ નથી તે ઉલ્લેખનીય છે.જયોજીર્યા મેલોનીએ આ પરિષદમાં ઉપસ્થિત રહેવા અલ્જિરિયા, આર્જેન્ટિના, બ્રાઝિલ, ઈજીપ્ત, કેન્યા, મોરેશિયાના, સઉદી અરેપિયા, દક્ષિણ આફ્રિકા, ટયુનિસ્યા અને તુર્કીને પણ પરિષદ પછીની અન્ય બેઠકમાં ઉપસ્થિત રહેવા ભારતની જેમ જ આમંત્રણ અપાયું હતું. પરંતુ તે સર્વેમાં ભારતનું સ્થાન કેટલું વિશિષ્ટ છે તેનો સુશ્રી મેલોનીએ નમસ્તે કરીને સૌ કોઈનાં કરેલા સ્વાગત ઉપરથી નિશ્ચિત થઈ જાય છે. શુક્રવારથી શરૂ થનારી આ પરિષદ બે દિવસ ચાલવાની છે. તેમાં એઆઈ, ઊર્જા, મેડીટરેનિયમ આફ્રિકા અને ચીનના મુદ્દાઓ ઉપર પણ વિમર્શ થવાનો છે.

# રામમંદિરને ફરી બોમ્બથી ઉડાડી દેવાની ધમકી, જૈશ એ મોહમ્મદનો ઓડિયો વાયરલ, એલર્ટ જાહેર

સામના મિરર, સંવાદદાતા

અયોધ્યામાં ફરી એકવાર નવનિર્મિત રામ મંદિરને ઉડાવી દેવાની ધમકી મળી છે. આ વખતે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદે ધમકી આપી છે. તેનો એક ઓડિયો વાયરલ થયા બાદ યુપીની યોગી સરકારે એલર્ટ જાહેર કર્યું છે. રામ નગરીમાં તૈનાત સુરક્ષાદળોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. એલર્ટ બાદ અયોધ્યાના રામકોટના તમામ અવરોધો પર સઘન ચેકિંગ અભિયાન સાથે તપાસ શરૂ કરવામાં આવી છે. રામલલાના દર્શન માર્ગ પર પણ ભક્તોની દેખરેખ વધારી દેવામાં આવી છે.



કહેવાય છે કે ધમકીભર્યા ઓડિયોમાં જૈશ-એ-મોહમ્મદનો આમીર નામનો આતંકવાદી એવું કહેતા સંભળાય છે કે અમારી મસ્જિદ હટાવી દેવાઈ છે અને મંદિર બનાવવામાં આવ્યું છે. હવે બોમ્બમારો થશે. આતંકવાદી કહી રહ્યો છે કે અમારા ત્રણ સાથીઓએ બલિદાન આપ્યું છે અને હવે આ મંદિરને તોડવું પડશે. એલર્ટની સાથે સુરક્ષા એજન્સીઓ ઓડિયોની તપાસ કરી રહી છે. રાજ્ય સરકારની સૂચના બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ એજન્સીઓ હાઈ એલર્ટ પર છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# અર્થતંત્રની તાકાતનો પરિચાયક



નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪) માટે કંપનીઓનાં પરિણામો દર્શાવે છે કે માર્જિનમાં કેટલાક સુધારા સાથે કોર્પોરેટ ક્ષેત્રની વૃદ્ધિમાં રિકવરી ચાલુ છે. જોકે, બેંકો અને નાણાંકીય ક્ષેત્રની કંપનીઓ એકંદરે નફામાં મોટો હિસ્સો ધરાવે છે અને ઊર્જા ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવતા જાહેર ક્ષેત્રના ઘણાં મોટા સાહસોએ તેમનાં પરિણામો હજુ જાહેર કર્યાં નથી. તેથી, કેટલાક મુખ્ય ક્ષેત્રોનું વલણ હજી સ્પષ્ટ ન હોઈ શકે. તો પણ એકંદરે જોઈએ તો નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં ચોથા ક્વાર્ટરમાં ઓછામાં ઓછા રૂ. એક કરોડથી વધુના ટર્ન ઓવર ધરાવતી ૧,૦૪૦ લિસ્ટેડ કંપનીઓએ તેમનાં પરિણામો જાહેર કર્યા છે. ઉડતી નજરે પણ આ પરિણામો એક નવો ગુલાબી રંગ બતાવે છે, જે ભારતીય અર્થતંત્રની સ્વયંજનિત તાકાતનો પરિચાયક છે.

તેઓએ ચોખ્ખા વેચાણમાં ૧૦ ટકા વૃદ્ધિ, એબિટડા (અર્નિંગ બીફોર ઇન્ટરેસ્ટ, ટેક્સીસ, ડેપ્રિશિયેશન એન્ડ અમોર્ટાઇઝેશન અર્થાત્ વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાંની કમાણી)માં ૨૧ ટકા વૃદ્ધિ અને કર પછીના નફામાં એટલે કે પીએટીમાં ૧૮ ટકા વૃદ્ધિ નોંધાવી છે. બેંકો, અન્ય નાણાકીય કંપનીઓ અને તેલ કંપનીઓ જેવાં અસ્થિર ક્ષેત્રો સિવાય, અન્ય તમામ કંપનીઓએ વેચાણમાં ૭.૮ ટકા વૃદ્ધિ, એબિટડામાં ૧૩ ટકા અને પીએટી (પ્રોફિટ આફ્ટર ટેક્સ)માં ૧૭.૭ ટકા વૃદ્ધિ નોંધાવી છે. નોંધનીય બાબત એ છે કે બેંકોએ વ્યાજની આવકમાં ૨૪.૫ ટકા અને પીએટીમાં ૪૬ ટકાનો વધારો હાંસલ કર્યો છે.

અર્થતંત્ર કેટલાક ક્વાર્ટરથી સરકારી ખર્ચ દ્વારા સંચાલિત છે, જોકે એ દરમિયાન વપરાશની માંગ ઓછી રહી છે. ઓટો સેક્ટરમાં ખરેખર ઊંચી માંગ જોવા મળી રહી છે, જ્યાં એકમ વોલ્યુમના આધારે વેચાણમાં સુધારો થયો છે અને સરેરાશ વેચાણ કિંમત પણ સુધરી રહી છે. ઓટોમોબાઈલ સેક્ટરમાં ચોથા ક્વાર્ટરમાં મારુતિની સાથે સાથે હીરો, બજાજ ઓટો અને ટીવીએસ જેવી ટુ-વ્હીલર દિગ્ગજ કંપનીઓએ પણ જોરદાર પ્રદર્શન કર્યું છે. ટુ-વ્હીલર સેક્ટર અને મારુતિમાં વોલ્યુમ મુજબ સારા વેચાણને સામાન્ય રીતે વપરાશની માંગનો સારો સંકેત માનવામાં આવશે.

જોકે, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (ઋખઈઋ) સેક્ટરની કામગીરીને પણ વપરાશની માંગનું વ્યાપક સૂચક માનવામાં આવે છે અને ત્યાંનાં પરિણામો બહુ પ્રભાવશાળી નથી. સમગ્ર સેક્ટરમાં વેચાણ ૭ ટકા વધ્યું છે, પરંતુ ગોદરેજ કન્ઝ્યુમર દ્વારા નફાકારકતા પર પ્રતિકૂળ અસર પડી છે, જેણે ચલણની કટોકટીના કારણે વિદેશી કામગીરીમાં મોટું નુકસાન જોયું છે. જો આને સમાયોજિત કરવામાં આવે તો એબિટડામાં ૧૨ ટકા અને પીએટીમાં ૧૩ ટકાનો વધારો જોવા મળે છે. જોકે, મોટાભાગની કંપનીઓએ નીચા વોલ્યુમમાં વૃદ્ધિ નોંધાવી છે અને ઊંચા ભાવને કારણે તેમનાં પરિણામો વધુ સારાં દેખાઈ રહ્યાં છે. આઈટી અને ફાર્મા એ બે ક્ષેત્રો છે જેને નિકાસ અગ્રણી માનવામાં આવે છે. આઈટી કંપનીઓએ છેલ્લાં પાંચ ત્રિમાસિક ગાળાની જેમ સાવધ અંદાજો જારી કર્યા છે. સ્થિર મુદ્રાના આધારે, તેમના વેચાણમાં ૩ ટકા, એબીટડામાં ૮ ટકા અને પીએટીમાં ૯ ટકાનો વધારો થયો છે. કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો ચાલુ છે.

ફાર્મા સેક્ટરે આના કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે. સતત ચલણના આધારે, તેમના વેચાણમાં ૮ ટકા, એબીટડામાં ૩૪ ટકા અને પીએટીમાં ૫૦ ટકાનો વધારો થયો છે. ચીનના વુહાન પ્રાંત (જે દવાના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર છે) પર કોવિડની અસરને કારણે કાચા માલ અને સપ્લાય ચેઇનને લગતી ચિંતાઓ ઘણી હદ સુધી દૂર થઈ ગઈ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ભાર મૂકવાની નીતિનો અર્થ એ છે કે બાંધકામ કંપનીઓ પાસેથી સિમેન્ટ અને સ્ટીલ જેવી બાંધકામ સામગ્રીની સારી

# વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે જુની કલેકટર કચેરીમાં રક્તદાન કેમ્પ યોજાયો



રાજકોટ,તા.૧૫

બીમાર અને જરૂરિયાતમંદ વ્યક્તિને જરૂરી લોહી માત્ર માનવ શરીરમાં જ બને છે. આ અમૂલ્ય લોહીનું દાન કરી આપણે અનેક લોકોની જિંદગી બચાવી શકીએ છીએ. આજરોજ ''વિશ્વ રક્તદાતા દિવસ'' નિમિત્તે પ્રાંત કચેરી ખાતે રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કના સૌજન્યથી યોજાયેલા રક્તદાન કેમ્પમાં કલેકટર પ્રભવ જોશીએ પ્રેરણા પુરી પાડતા જણાવ્યું હતુ કે, સ્વસ્થ વ્યક્તિએ નિર્ભિકપણે રક્તદાન કરી અમૂલ્ય જીવ બચાવવામાં મદદ કરવી જોઈએ. સિવિલ હોસ્પિટલ ખાતે થેલેસેમિયા ઉપરાંત અનેક દર્દીઓને રોજબરોજ મોટાપાયે રક્તની જરૂર રહેતી હોઈ વધુને વધુ લોકોએ નિર્ભીકપણે રક્તદાન કરવું જોઈએ તેમ કલેકટરએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું.

બ્લડ ડોનેશન કેમ્પમાં પ્રાંત કચેરીના કર્મયોગીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પનું આયોજન સવારે ૯ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી કરાયું હતું. રક્તદાતાઓ માટે ચા, લીંબુ સરબત, બિસ્કીટ સહિતની નાસ્તાની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આ કેમ્પમાં પ્રાંત અધિકારી ચાંદની પરમાર, શીરસ્તેદાર ભાલોડી, નાયબ મામલતદાર વસીમ રિઝવી, નાયબ મામલતદાર નિમીષાબેન યાજ્ઞિક સહીત પ્રાંત કચેરીનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# હોકકો અને કોઠી આઈસ્ક્રીમના નમુના લેવાયા જંકશન રોડની 21 દુકાનોમાં ફૂડ તંત્રનું ચેકીંગ

### લાયસન્સ વગર ખાણીપીણીનો ધંધો કરતા 15 આસામીઓને લાયસન્સ લેવા નોટીસ ફટકારતી આરોગ્ય શાખા






રાજકોટ, તા.૧૫

મનપા દ્વારા ચાલતી ફૂડ સર્વેલન્સ કામગીરીમાં આજે કુલ કુલ આઈસ્ક્રીમના કંપની અને દુકાનમાંથી નમુના લેવામાં આવ્યા છે. ગોંડલ રોડ પી એન્ડ ટી કોલોની પાછળ સમગ્રા ઈન્ડ. એરીયામાં પ્લોટ નં.૯માં દર્શન એન્ટરપ્રાઈઝ નામનું યુનિટ આવેલું છે.

અહીંથી ફૂડ શાખાએ હોકકો વેનીલા ફ્લેવર આઈસ્ક્રીમ, માધાપર સર્કલ શિવરંજની પાર્કમાં બેકબોન રેસીડેન્સીના બ્લોક નં.૧૩માં આવેલ આશુતોષ કોઠી આઈસ્ક્રીમમાંથી વેનીલા અને રેડ વેલ્વેટ આઈસ્ક્રીમના સેમ્પલ લીધા હતા.

દરમ્યાન સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રેલ્વે જંકશન સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓને ત્યાં ખાણીપીણીના ૧૯ નમુનાની ચકાસણી કરાઇ હતી અને ૧૫ ધંધાર્થીને નોટીસ આપવામાં આવી હતી.જયાં નોટીસ આપવામાં આવી તેમાં (૧)બાલાજી પાર્લર (૨)અશોક બેકરી (૩)કનૈયા ટી સ્ટોલ (૪)જય ભારત કોલ્ડ્રિંક્સ (૫) એન્જોય હોટલ (૬)મન્નત નોનવેજ (૭) મુરલીધર નાસ્તા હાઉસ (૮)જલારામ ગાંઠીયા (૯)ગાયત્રી મદ્રાસ કાફે (૧૦)તકદીર ટી સ્ટોલ (૧૧)બલદેવ પરોઠા હાઉસ (૧૨) મારૂતિ ભોજનહાટ (૧૩)પરવાના રેસ્ટોરેન્ટ (૧૪)ગાયત્રી ગાંઠિયા (૧૫)માં અન્નપુર્ણા હોટલનો સમાવેશ થાય છે. જયારે (૧૬)મન્નત ચાઈનીઝ પંજાબી (૧૭)આશાપુરા કોલ્ડ્રિંક્સ (૧૮)હોટેલ શિવશક્તિ (૧૯)ચામુંડા કોલ્ડ્રિંક્સ (૨૦)અમૃત સ્વીટ્સ ડેરી ફાર્મ (૨૧)મોમાઈ કોલ્ડ્રિંક્સમાં પણ તપાસ કરવામાં આવી હતી.

# અગ્નિકાંડ નહીં, આ નકલીકાંડ છે



## નકલી દસ્તાવેજ, નકલી મિનિટ્સ બુક...: ૨૬ મેએ મૃતકોનાં પરિવારજનો મૃતદેહ માટે ઠેર-ઠેર રઝળ્યાં ને રાત્રે RMCમાં અધિકારીઓ 'ગેમ' રમતા હતાં, સાગઠિયાએ ખોટી મિનિટ્સ બૂક બનાવી

રાજકોટ, તા. ૧૫: રાજકોટના ઝછ્ઙ ગેમ ઝોન અગ્નિકાંડમાં મોટા સમાચાર સામે આવ્યા છે. અગ્નિકાંડની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશનની ટીમે કોર્ટમાં સ્પે. પીપી. તુષાર ગોકાણીએ કહ્યું હતું કે ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા માટેની કોઈ અરજી જ કોર્પોરેશનમાં કરવામાં નહોતી આવી. ૨૫ મેના રોજ અગ્નિકાંડ સર્જાયા બાદ ૨૬ તારીખના રોજ ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. બનાવના ૧ દિવસ બાદ અશોકસિંહ અને કિરીટસિંહ જાડેજાના કહ્યા બાદ ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. કોર્પોરેશનના ઓરિજિનલ રજિસ્ટરનો નાશ કરવામાં આવ્યો હતો. જાડેજાની સૂચનાથી રજિસ્ટરનો નાશ કરવામાં આવ્યો હતો. આમ ૨૬ મેના રોજ મૃતકોનાં પરિવારજનો મૃતદેહ માટે ઠેર-ઠેર ભટકતાં હતાં, તો કોર્પોરેશનમાં રાત્રે ડોક્યુમેન્ટ્સ સાથે રમત રમતા હતા. હવે વાડ જ ચીભડાં ગળે તો પછી ફરિયાદ કોને કરવી? જ્યાં આખું તંત્ર જ સડી ગયું હોય ત્યાં પ્રજાએ જીવ ગુમાવવો ન પડે તો બીજું થાય પણ શું?

રાજકોટ અગ્નિકાંડ મામલે હાઈકોર્ટની ઝાટકણી બાદ નવી કમિટીની રચના થશે. અશ્વિની કુમારની આગેવાનીમાં નવી કમિટી રચાશે. નવી કમિટીમાં પથી ૭ સભ્યો હશે. નવી કમિટીમાં DGP સહિતના અધિકારીઓ હશે. રવિવાર સુધી રાજ્ય સરકાર કમિટીની જાહેરાત કરશે. ગઠન બાદ કમિટી ઉચ્ચ અધિકારીઓની તપાસ કરશે.



### કોર્ટે અશોકસિંહ જાડેજાના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

ઝછ્ઙ ગેમ ઝોન અગ્નિકાંડ મામલે પોલીસ દ્વારા ૭ દિવસના રિમાન્ડની માગણી સાથે આરોપી અશોકસિંહ જાડેજાને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એને લઈને કોર્ટે આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જોકે કોર્ટમાં અશોકસિંહ જાડેજાએ મગરનાં આંસુ સાર્યાં હતાં. ઉલ્લેખનીય છે કે અશોકસિંહ જાડેજા પોલીસકર્મીની મદદથી કોર્ટ સુધી પહોંચ્યા હતા. અશોકસિંહ જાડેજાના વકીલ દ્વારા અગાઉ આગોતરા જામીન અરજી પણ મૂકવામાં આવી હતી.

આરોપી અશોકસિંહ જાડેજાને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં સ્પેશિયલ પીપી વકીલ તુષાર ગોકાણીએ દલીલ કરી હતી કે અશોકસિંહ પ્રજ્ઞા ચક્ષુ છે, તેમના પ્રત્યે સહાનુભૂતિ છે, પણ મૃત્યુ પામેલા ૨૭ લોકોના પરિવાર પ્રત્યેની સહાનુભૂતિનું શું? TRP ગેમ ઝોન અગ્નિકાંડનું ગેરકાયદે બાંધકામ કાયદેસર કરવા માટે અશોકસિંહ



અને તેમના ભાઈના દબાણથી મહાનગરપાલિકા દ્વારા ૪ મેના ગેમ ઝોનની અરજી આવી અને ૯ મેના જવાબ આવ્યો.

### સાગઠિયાએ ખોટી મિનિટ્સ બૂક બનાવી હતી

સ્પેશિયલ પીપી તુષાર ગોકાણીએ કહ્યું, પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠિયા દ્વારા ખોટી મિનિટ્સ બુક બનાવવામાં આવી હતી. ૪ મેના રોજ કોઈ ગેરકાયદે બાંધકામ માટેની અરજી કરવામાં આવી નહોતી તેમજ ૯ મેના રોજ અરજી સંદર્ભે કોર્પોરેશન દ્વારા કોઈ પ્રત્યુત્તર આપવામાં આવ્યો નહોતો. પોલીસ દ્વારા IPCની કલમ ૨૦૧નો ઉમેરો કરવા બબાતે કોર્ટમાં રિપોર્ટ કરવામાં આવ્યો હતો. IPC ૨૦૧ પુરાવાનો નાશ કરવા બાબતે લાગુ કરવામાં આવતી હોય છે. આરોપીના વકીલ આર. ઝેડ. શેખે કહ્યું હતું કે કોર્પોરેશન, ફાયરબ્રિગેડમાં, જ્યાં તપાસ કરવી હોય ત્યાં કરી શકે છે. ૨૪ કલાકમાં અશોકસિંહને પોલીસ સ્ટેશનની બહાર નથી લઈ ગયા તો હવે રિમાન્ડ લેવાનો શું મતલબ છે. અશોકસિંહ જેલમાં હોય ત્યારે પણ નિવેદન લઈ શકાય છે.

### સાગઠિયાએ ૨૭ મેના રોજ રચ્યો હતો કારસો

૨૫ મેના રોજ TRP ગેમ ઝોનમાં દુર્ઘટના બની હતી. એમાં ૨૭ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ ઘટના બનતાં સાગઠિયાને એવો ભય હતો કે પોલીસ ગમે ત્યારે તેની પૂછપરછ કરી શકે છે, આથી સાગઠિયાએ એટીપીઓ રાજેશ મકવાણાને આદેશ કર્યો હતો કે આપણું જે ટીપી ટેક્નિકલ નામનું જે વ્હોટ્સએપ ગ્રુપ છે એમાં એક મેસેજ મૂકી દો કે ૨૭ મે ૨૦૨૪ના રોજ સાંજના ૬:૩૦ કલાકે તમામે હાજર રહેવું, આથી મકવાણાએ ૨૭ મેના દિવસે જ સાંજે ૪:૩૬ કલાકે સાગઠિયાએ આપેલા આદેશ મુજબ મેસેજ મૂકી દીધો હતો. ત્યાર બાદ ટેક્નિકલ શાખાના તમામ કર્મચારીઓ સેન્ટ્રલ ઝોન ટીપી શાખાની ઓફિસમાં હાજર થયા હતા. આ સમયે સાગઠિયાએ તમામને એવું કહ્યું હતું કે TRP ગેમ ઝોનમાં આગનો બનાવ બન્યો છે અને પોલીસ કોઈપણ સમયે મારી પૂછપરછ કરી શકે એમ છે, જેથી મારા બચાવ અર્થે મેં મારે લેવાની થતી સમયાંતરેની મિટિંગ લીધેલી હોય કે ન લીધેલી હોય, પરંતુ સમયાંતરે તમામ મિનિટ્સ નોટ બનાવેલી છે, એમાં તમારે બધાને લાગુ પડે ત્યાં સહીઓ કરવાની જ છે, જેથી હાજર સ્ટાફે વિગતો જોયા પછી જ સહી કરવાનું કહેતાં સાગઠિયા ઉગ્ર થઈ ગયા હતા અને 'તમારે આમાં સહી કરવાની જ' તેવો આદેશ આપતાં તમામ ટેક્નિકલ સ્ટાફના કર્મચારીઓએ ડુપ્લિકેટ મિનિટ્સ બુકમાં એકસાથે સહીઓ કરી દીધી હતી.




# ગુજરાત પોલીસ ભરતી અંતર્ગત મહિલાઓ માટે પ્રાથમિક પરીક્ષાના તાલીમ વર્ગોનું આયોજન

રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવના સફળ માર્ગદર્શન હેઠળ ટીમ સી.સી.ડી.સી. મારફત અનેક સફળતાપૂર્વક કાર્યક્રમ અને તેના ફળ સ્વરૂપ દરેક પરીક્ષામાં છાત્રો મારફત ઝળહળતી સફળતા મેળવી સીસીડીસીના તાલીમવર્ગોને અને કાર્યશાળાઓના આયોજનને બિરદાવેલ છે. હાલ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર (મહિલા) વર્ગ-૩ તથા પોલીસ કોન્સ્ટેબલ (મહિલા)ની કુલ ૩૪૨૪ જગ્યાઓની ભરતી કરવામાં આવનાર છે. આ માટે ભરતીની જાહેરાતના અનુસંધાને પરીક્ષાની પૂર્વ તૈયારી માટે પ્રાથમિક તબક્કાના કોચીંગવર્ગ સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મહિલા સશક્તિકરણ અંતર્ગત ફક્ત મહિલાઓ માટે તા.૨૫ જૂનને મંગળવારથી સી.સી.ડી.સી. ખાતે પ્રાથમિક પરીક્ષાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો તા. ૨૪ જૂનને સોમવાર સુધીમાં ગ્રાઉન્ડ ફ્લોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગુજરાત પોલીસ ભરતી બોર્ડનું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ, છેલ્લી માર્કશીટ અને સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ સાથે લાવવાનું રહેશે.

# મેલડી માતાના મંદિરે દર્શન કરી પરત ફરતા 17 વર્ષીય ટ્રકે હડફેટે લીધોઃ કમકમાટીભર્યું મોત

**મૃતકના પિતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો આશાસ્પદ પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત**



રાજકોટ, તા.૧૫

મનહરપુરમાં રહેતો ૧૭ વર્ષીય વિદ્યાર્થી રાજ સમેરવા મેલડી માતાજીના મંદિરેથી દર્શન કરી ઘરે પરત જતો હતો ત્યારે ટ્રક ચાલકે તેને બાઈક સહિત હડફેટે લેતા સારવારમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક સ્થળ પર જ ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. મૃતકના પિતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે અને ટ્રક ચાલકની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી. આશાસ્પદ પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી ચંદુભાઈ વેલજીભાઈ સમેરવા (ઉ.વ.૪૫, રહે. મનહરપુર ૦૧ દ્વારકાધીશ પેટ્રોલ પંપની સામે સરકારી આવાસના ક્વાર્ટર જામનગર રોડ,રાજકોટ)એ જણાવ્યું હતું કે, મારે સંતાનમા બે દિકરા છે. જેમાં મોટો દીકરો દેવરાજ (ઉ.વ.૧૯) તથા નાનો દીકરો રાજ (ઉ.વ.૧૭) છે. ગઈ કાલે મારો નાનો દીકરો રાજ માધાપર સ્મશાનમાં આવેલ મેલડી માતાના મંદિરે દર્શન કરવા ગયો હતો. જે પછી છએક વાગ્યાની આસપાસ હું મારા ઘરે હતો ત્યારે રાજના ફોનમાંથી અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને મને જણાવેલ કે, આ ફોન વાળા છોકરાનું જામનગર રોડ રાધે હોટલની સામે દ્વારકાધીશ પેટ્રોલ પંપની પાસે અકસ્માત થયું છે. અકસ્માત અંગે જાણ થતા હું તુરંત ઘટના સ્થળે ગયો. ત્યાં જઈને જોતા રાજ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હતો.

## ચોરાઉ બાઈક સાથે ખોડિયારનગરનો હર્ષનાથ ગૌસ્વામી ઝડપાયો

રાજકોટઃમાલવીયાનગર પોલીસે ચોરાઉ બાઈક સાથે હર્ષનાથ ગૌસ્વામીને સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝમાંથી પકડી પાડયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, માલવિયાનગર પોલીસ મથકનાં પી.આઈ. જે.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.ગજેરા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નં.૧૫ પાસે જાહેર રોડ પર શંકાના આધારે જીજે-૦૩- બીએફ-૦૫૩૩ નો બાઈક ચાલકને અટકાવી તપાસ કરતાં બાઈક ચોરાઉ હોવાનું માલુમ પડ્યું હતું. બાઈક ચાલક હર્ષનાથ અનંતનાથ ગૌસ્વામી (ઉ.વ.૨૧ રહે.ખોડીયારનગર મોમાઇ પાનની બાજુમાં ગોર્વધન ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ) એ બાઈક મેટોડા જી.આઈ.ડી. ગેઈટ નં.૨ પાસે પાર્કિંગમાથી બાઈક ચોરી કરી હોવાનું કબુલાત આપી હતી.

## પરા પીપળીયામાં યુવકે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટઃ પરા પીપળીયામાં યુવકે એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.બનાવની વિગત મુજબ પરા પીપળીયા ગામમાં રહેતો સંજય રાવતભાઈ જાદવ (ઉ.વ.૩૦) નામનાં યુવકે આજે સવારે પીપળીયા ગામમાં એકતા સોસાયટી પાસે એસિડ પી લીધું હતું. બાદ તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.આ અંગે તેના પરિવારજનોએ જણાવ્યું કે સંજયે પ્રેમ લગ્ન કર્યાં છે. પતિ પત્ની વચ્ચે નાની નાની વાતોમાં જઘડાઓ થતાં જેથી તેની પત્ની નયનાબેને પતિ સામે ઘરેલુ હિંસાનો કેસ કર્યો હતો. સંજયને રણુજા મંદીર સોમનાથ સોસાયટીમાં મકાન છે. જે મકાન તેની પત્નીને પચાવી પાડવું છે. માટે નાની નાની બાબતે તેની પત્ની ઝઘડાઓ કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો. આવતી કાલે સમન્સ હોવાથી યુવકને કોર્ટમાં હાજર થવાનું છે. તેની પત્ની ગૌશાળામાં મજુરી કામ કરે છે. યુવક બે ભાઈ અને ત્રણ બહેનમાં ચોથા નંબરનો છે

## પરીણિતાએ એસીડ પી જીવન ટુંકાવ્યું

રાજકોટઃજેતપુરમાં દેરડીની ધારમાં રહેતી પરિણીતાએ બીમારીથી કંટાળી એસિડ પી આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવની વિગત મુજબ ચેતનાબેન સનીભાઈ સોલંકી (ઉ.વ.૨૬, રહે. દેરડીની ધાર, જેતપુર) તેણીએ ગઈ કાલ રાત્રીના દસેક વાગ્યાની આસપાસ બીમારીથી કંટાળી એસીડ પી લીધું હતું. બાદ સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાદ વધુ સારવાર માટે જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જ્યાં સારવાર દમ તોડી દિધો હતો. તેણી સાત બહેન અને એક ભાઈમાં ચોથા નંબરની હતી. તેમજ તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જેતપુર ઉદ્યોગનગર પોલીસને જાણ કરી હતી.

## રૈયા ચોકડી પાસે સરાજાહેર થયેલ મારામારીના બનાવમાં ગુનો નોંધવા તજવીજ

રાજકોટઃ રૈયા ચોકડી પાસે ગત રાત્રીના બે મહિલાઓ વચ્ચે સરાજાહેર થયેલ મારામારી બાદ ધસી આવેલા શખ્સે છરીથી હુમલો કર્યાનો વીડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા ગાંધીગ્રામ પોલીસ હરકતમાં આવી હતી અને ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ રૈયા ચોકડી પાસે રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ એકટીવા લઈને આવતી યુવતીને અન્ય એક યુવતી સાથે કોઈ કારણોસર માથાકૂટ થઈ હતી જે ઝઘડો ઉગ્ર બન્યા બાદ મારામારી સુધી પહોંચ્યો હતો દરમ્યાન એક શખ્સ ધસી આવ્યો હતો અને એક યુવતી પર છરીથી હુમલો કરતા યુવતી ઈજાગ્રસ્ત થઈ હતી. મહિલાઓ અને યુવાન વચ્ચે થયેલ મારામારીનો વીડિયો વાયરલ થયા બાદ ગાંધીગ્રામ પોલીસે વિડીયોના આધારે મારામારી કરનાર શખ્સની ઓળખ મેળવી ગુનો નોંધી તજવીજ હાથ ધરી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.15/6/2024 SATURDAY


# જીએસટી વિભાગ સક્રિય બન્યું સુરેન્દ્રનગરમાં દરોડા

## રાજકોટ જીએસટી વિભાગે રૂા.૨૦ કરોડના બોગસ વ્યવહારો ઝડપી લીધા રૂા.એક કરોડથી વધુની કરચોરી પણ ખુલવા પામી




રાજકોટ, તા.૧૫

તાજેતરમાં લોકસભાની ચૂંટણીના પરિણામો પણ જાહેર થઇ ગયા છે અને આચાર સંહિતા પણ પૂર્ણ થઇ છે ત્યારે જુદા-જુદા સરકારી ખાતાઓ પર સક્રિય બનવા લાગ્યા છે. ચૂંટણી અગાઉ સંપૂર્ણપણે નિષ્ક્રીય બની ગયેલા જીએસટી વિભાગે પણ આળસ ખંખેરી અને હવે કરચોરો ઉપર દરોડોનો દૌર શરૂ કર્યો હોવાનું જીએસટી વિભાગના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ અંગેની રાજકોટ જીએસટી વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો અનુસાર જીએસટી વિભાગે ગઈકાલે મોડી સાંજથી રાજકોટ વિભાગ ૧૦ હેઠળ આવતા સુરેન્દ્રનગર જિલ્લામાં દરોડાનો દૌર શરૂ કર્યો છે અને સિરામીક તથા બિલ્ડીંગ મટીરીયલ્સના ધંધાર્થીઓ ઉપર કરચોરી અંગે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.

દરમ્યાન મળતી વધુ વિગતો મુજબ રાજકોટ જીએસટી વિભાગે સુરેન્દ્રનગરના જય અંબે બિલ્ડીંગ મટીરીયલ્સ નામના સિરામીક ઉત્પાદકને ત્યાંથી કરોડો રૂપિયાના બોગસ વહેવારો ઝડપી લીધા છે. જીએસટીના સુત્રોના જણાવ્યા મુજબ ઉપરોક્ત ધંધાર્થીને ત્યાં તપાસ દરમ્યાન રૂા.૨૦ કરોડના બોગસ વ્યવહારો ઝડપાયા છે અને રૂા.એક કરોડથી વધુ રકમની કરચોરી ખુલવા પામી છે.

જીએસટી વિભાગના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ઉપરોક્ત ધંધાર્થી દ્વારા જુદા-જુદા ગોડાઉનો રાખી અને જીએસટી તંત્રને જાણ ન કરી ભરવા પાત્ર ૧૮ ટકા વેરો ભર્યો ન હતો અને બોગસ વ્યવહારો કરી કર ચોરી કરી હતી. આજે બપોર સુધી થયેલી તપાસના અંતે ઉપરોક્ત વેપારીને ત્યાંથી રૂા.૨૦ કરોડના બોગસ વ્યવહારો ઝડપાયા હતા અને રૂા.એક કરોડથી વધુ રકમની કરચોરી મળવા પામી છે. હજુ પણ આ પેઢીમાં તપાસની કાર્યવાહી ચાલુ હોવાનું જાણવા મળેલ છે.લોકસભાની ચૂંટણીના પરિણામો પણ જાહેર થઇ ગયા છે અને આચાર સંહિતા પણ પૂર્ણ થઇ છે ત્યારે જુદા-જુદા સરકારી ખાતાઓ પર સક્રિય બનવા લાગ્યા છે. ચૂંટણી અગાઉ સંપૂર્ણપણે નિષ્ક્રીય બની ગયેલા જીએસટી વિભાગે પણ આળસ ખંખેરી અને હવે કરચોરો ઉપર દરોડોનો દૌર શરૂ કર્યો હોવાનું જીએસટી વિભાગના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# નવલનગરમાં આવેલ ચોકમાં પાર્ટી કરતા શખ્સને ટપારતા આધેડને ઢસડીને માર માર્યો

રાજકોટ તા.૧૫

નવનગરમાં આવેલ ચોકમાં પાર્ટી કરતા શખ્સને ટપારતા દોલતસિંહ ભટ્ટી નામના આધેડ પર દિગ્વીજયસિંહ જાડેજા નામના શખ્સે હુમલો કર્યો હતો. બનાવ અંગે જાણ થતા માલવીયાનગર પોલીસે આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



બનાવ અંગે મવડી પ્લોટમાં નવલનગર શેરી નં.૨માં રહેતા દર્શીત જયરાજસિંહ ભટ્ટી (ઉ.૩૨)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિગ્વીજયસિંહ જાડેજાનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ મારવાડી યુનિ.માં એડમીન મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈ તા.૧૩ના રાત્રીના સમયે તેઓ માતા-પિતા સાથે ઘરે હતા ત્યારે ઘરની બહાર ચોકમાં દિગ્વીજયસિંહ જાડેજા ઘરની બહાર ઓટલા પર બેઠો હતો. દરમ્યાન તેઓ ત્યાંથી નીકળતા આરોપીએ તેમને અટકાવી તારા પિતા અમને અહીંયા ચોકમાં બેસવાની અને પાર્ટી કરવાની પણ ના પાડે છે. પરંતુ અમે અહીંયા ચોકમાં ૨૦ વર્ષની બેસીએ છીએ અને બેસવાના છીએ. તેમ કહી ગાળો આપી ઝઘડો કરવા લાગેલ હતો. દરમ્યાન આરોપી તેઓના ઘરમાં જઈ ફરીયાદીના પિતા સાથે પણ ગાળો આપી ઝઘડો કરવા લાગેલ તેમજ તેમના પિતાને આરોપીઓ ઘસડીને ઢીકાપાટુનો માર માર્યો હતો. અને કહેવા લાગેલ કે હું અહીંયા ચોકમાં જ બેસવાનો છું તમારાથી થાય તે કરી લેજો. જો તમે બાપ-દિકરાએ મને અહીં ચોકમાં બેસવાની ના પાડી તો હું તમને પિતા-પુત્રને જાનથી મારી નાખીશ. તેમ ધમકી આપી હતી.

# પેલેસ રોડ પર રારા જ્વેલર્સ શોરૂમના સીક્યુરીટીમેન પર નશાખોર શખ્સનો હીંચકારો હુમલો

## અગાઉ પણ અનેકવાર ડખ્ખો કરનાર શખ્સે ખીલીવાળુ પાટીયું સીક્યુરીટીમેન યુનુસભાઈને ઝીંકી દીધું અન્ય લોકોએ આરોપીને પકડી મેથીપાક ચખાડયો એ ડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો



રાજકોટ તા.૧૫

પેલેસ રોડ પર આવેલ રારા જ્વેલર્સના સીક્યુરીટીમેનને કચરો નાખવા મામલે નશાખોર શખ્સ રીંધમ સોનીએ ડખ્ખો કરી ખીલીવાળુ પાટીયું ઝીંકી દેતા લોહીલુહાણ થઈ ગયા હતા. બનાવ સ્થળે એકઠા થયેલ લોકોએ આરોપીને પણ પકડી મેથીપાક ચખાડયો હતો. બનાવમાં ઈજાગ્રસ્ત સીક્યુરીટીમેનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતા. બનાવ અંગે એ ડીવીઝને ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.


બનાવ અંગે જામનગર રોડ પર પરસાણાનગરની બાજુમાં ચાંદની ચોક પાસે રહેતા યુનુસભાઈ અબ્દુલભાઈ દલવાણી (ઉ.૪૫)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રીંધમ સોનીનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ શ્રી રાજ સીક્યુરીટીમાં રારા જ્વેલર્સ શોરૂમમાં નાઈટ ડયુટીમાં નોકરી કરે છે.

તા.૧૩/૬ના રાત્રીના સમયે તેઓ રારા જ્વેલર્સ શોરૂમમાં નાઈટ ડયુટી પર હાજર હતા ત્યારે રાત્રીના સાડા દસેક વાગ્યાની આસપાસ જ્વેલર્સની દુકાને રીંધમ સોની નામનો શખ્સ આવેલો અને કહેલ કે કાલે હું કચરો મુકવા આવેલ તો મને કેમ કચરો મુકવા ન દીધો અને મને ભગાડી દીધેલ હતો. તેમ કહી ગાળો આપવા લાગતા ફરીયાદીએ ફડાકા ઝીંકી અહીંથી ચાલ્યો જા તેમ કહેતા આરોપી બાજુની શેરીમાં ચાલતા મકાન બાંધકામના કામ પરથી ખીલીવાળો ધોકો લઈ આવી હુમલો કરી દીધો હતો. જેમાં ફરીયાદીને મોઢામાં અને કાનના ભાગમાં ઈજા પહોંચતા લોહીલોહાણ થઈ ગયો હતો.

બાદમાં ઈજાગ્રસ્ત સીક્યુરીટી મેનને ૧૦૮ મારફતે સીવીલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનું રાજકોટમાં ભવ્ય સ્વાગત





રાજકોટ, તા. ૧૪ઃ આજ રોજ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનું રાજકોટ ખાતે આગમન નિમિત્તે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર રાજકોટ ખાતે તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અમેરિકાના ન્યુજર્સી, રોબિનસવિલ અક્ષરધામ મહામંદિર અને અબુધાબીના બીએપીએસ હિન્દુ મંદિરના નિર્માતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ રાજકોટને આંગણે પધારતા રાજકોટની ધર્મ પ્રેમી જનતામાં હર્ષનો માહોલ છવાયો હતો.

તેઓના આગમન નિમિત્તે સમગ્ર સ્વામિનારાયણ મંદિરને રંગબેરંગી સુશોભનથી શણગારાયું હતું. બાળકોએ નૃત્ય દ્વારા તેમજ યુવાનોએ ઢોલ નગારા સાથે પરમ પૂજ્ય સ્વામીશ્રીને વધાવ્યા હતા. મહિલા ભક્તોએ મંદિરને રંગોળીઓ દ્વારા સુશોભિત કરી ગુરુહરિને વધાવ્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આગમનને વિશેષ ભક્તિથી વધાવવા રાજકોટના હજારો પુરુષ - મહિલા હરીભક્તો છેલ્લા ૧૦૮ દિવસથી ભજન, વાંચન, મુખપાઠ, ઉપવાસ, ઘરસભા, સેવા વગેરે વિવિધ ભક્તિયજ્ઞોમાં જોડાયા હતાં.

આ અવસરે ૧૫૭૨ મહિલાઓએ સાંકળ સર્જળા ઉપવાસ, ૪૭૮ મહિલાઓએ સાંકળ નિર્જળા ઉપવાસ કર્યા હતા.

૩૪ હરિભક્તોએ મહંતસ્વામી મહારાજના આગમન નિમિત્તે આગમન પહેલાના ૯૦ કલાક થી ૧૨૦ કલાકના સળંગ નિર્જળા, સજલ તેમજ પ્રવાહી ઉપવાસ કરી ગુરુભક્તિ અદા કરી હતી. તદુપરાંત અનેક પુરુષ તેમજ મહિલા હરિભક્તોએ વ્રત, તપ, ઉપવાસ કરીને ગુરુભક્તિ અદા કરી હતી.

## શિવધામ સોસાયટી પાસેથી કુખ્યાત સુરજ ગઢવી દારૂની 144 બોટલો સાથે ઝડપાયો




રાજકોટ તા.૧૫

કોઠારીયા રોડ પર આવેલ શિવધામ સોસાયટી પાસેથી હીસ્ટ્રીશીટર સુરજ ગઢવી સ્કોર્પીયો કારમાં દારૂની સપ્લાય કરે તે પહેલા જ એલસીબી ઝોન-૧ની ટીમે દબોચી દારૂની ૧૪૪ બોટલ અને કાર મળી રૂા.૧૦.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે સપ્લાયર તરીકે આજીડેમના કચ્છાનું નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૧ના પીએસઆઈ ડી.વી. બોરીસાગર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હે.કો. મનરૂપગીરી ગોસ્વામી અને કોન્સ. હીતેષ પરમારને મળેલ ચોકકસ બાતમીના આધારે કોઠારીયા રોડ, શિવધામ સોસાયટી પાસેથી પસાર થતી સ્કોર્પીયો કાર નં. જીજે ૩ એનએફ ૦૦૮૭ને અટકાવી તપાસ કરતા કારમાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની ૧૪૪ બોટલ મળી આવતા કાર ચાલક સુરજ જબર કુનડા (ઉ.૨૭) (રહે.શિવધામ સોસાયટી શેરી નં.૨, રણુજા મંદિર પાસે)ની ધરપકડ કરી દારૂ અને કાર મળી રૂા.૧૦.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## રાજકોટના જમીન મકાનના ધંધાર્થીનો વાગુદળ પાસે ફાંસો ખાઈ આપઘાત

**મેટોડા પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો માસૂમ પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી મૃતકની પત્ની સારવાર હેઠળ**




રાજકોટ, તા.૧૫

રાજકોટના જમીન મકાનના ધંધાર્થી નિલેશભાઈ પોકર નામના યુવાને ગઈ રાતે વાગુદળ નજીક મેલડીમાંના મંદિર પાસે સરકારી બગીચા નજીક ઝાડમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

બનાવની જાણ થતાં મેટોડા પોલીસ મથકના ડીવાયએસપી રાણા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો. મૃતકને તેની પત્ની સાથે ઝઘડો થયા બાદ પાઈપના ઘા ઝીંકતા લાગી આવ્યું હતું અને બાદમાં અંતિમ પગલું ભરી લીધાનું સામે આવ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં જયગોપાલ અમૃતપાર્ક સોસાયટીમાં પ્લોટ નં.૭૧ માં રહેતાં નિલેશભાઈ નરશીભાઈ પોકર (ઉ.વ.૩૫) એ ગઈ રાતે વાગુદળ રોડ પર આવેલ મેલડીમાંના મંદિર પાસે સરકારી બગીચાની સામે આવેલ ઝાડમાં દોરડું બાંધી ફાંસી ખાઈ આપઘાત કરી લીધો હતો.

બનાવ અંગે રાહદારીએ પોલીસને જાણ કરતાં મેટોડા પોલીસ મથકના ડીવાયએસપી રાણા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવા તજવીજ હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બનાવ અંગે મૃતકની તપાસ કરતાં તેઓ જમીન મકાનના ધંધાર્થી હતાં. ગઈ રાતે તેઓને તેમની પત્ની સાથે ઝઘડો થયા બાદ પત્નીને પાઈપથી મારમારતાં તેણી લોહીલુહાણ થઈ ગઈ હતી અને સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જે વાતનું તેને લાગી આવતાં ઘરેથી દોરડું લઈ નીકળી ગયો હતો અને અંતિમ પગલું ભરી લીધાનું મૃતકના પરિવાજનોનું કહેવું છે. મૃતકને સંતાનમાં એક પુત્ર હોવાનું સામે આવ્યું છે. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો. બનાવ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

# ગુજરાતમાં ૫ મહિનામાં ૫૦૦ કરોડના સાયબર ફ્રોડની ફરિયાદો મળી

વડોદરા, તા. ૧૫ઃ છેલ્લા ઘણા વર્ષોથી ટેક્નોલોજીના ક્ષેત્રે હરણફાળ સાથે સાયબર ક્રાઇમનો રેશિયો પણ વધ્યો છે. સાયબર ક્રાઇમ ફ્રોડો લોકોના મોબાઈલમાં મેસેજ અથવા કોઈપણ પ્રકારની લિંક મોકલીને લાલચની આપી રહ્યા છે. માનવી પણ શોર્ટકર્ટમાં પૈસા બનાવવાની લાલચમાં સાયબર ફ્રોડોની દોરી પર ચાલવા લાગે છે ને બાદમાં પૈસા ગુમાવ્યાની ફરિયાદો કરે છે. સાયબર ફ્રોડો ફેક ઓળખ, ઇન્વેસ્ટમેન્ટ, ઓનલાઇન શોપિંગ, ઘઝડ ફ્રોડ, શેરમાર્કેટ સ્કેમ જેવી અનેક સ્કીમમાં વધુ પૈસાની મેળવાની લાલચ આપીને લોકોના ખાતા ખાલી કરી રહ્યા છે. ફક્ત ગુજરાતમાં જ છેલ્લા ૫ મહિનામાં ૫૦૦ કરોડના સાયબર ફ્રોડની ફરિયાદો મળી છે. ત્યારે તમે કેવી રીતે બચી શકો સાયબર ફ્રોડોથી તે જાણો વિગતવાર.

વડોદરા જિલ્લા જ્ડ રોહન આનંદે જણાવ્યું હતું કે, ગુજરાત સાયબર પોલીસનો હેલ્પલાઇન નંબર ૧૯૩૦ છે. જ્યારે પણ સાયબર ફ્રોડ થાય તો આ નંબર પર કોલ કરી શકે છે.

જાન્યુઆરી-૨૦૨૪થી મે-૨૦૨૪ સુધીમાં ૧૯૩૦ હેલ્પલાઇન પર ૫૦૪ કરોડનું ફ્રોડનો ફરિયાદો આવી છે. જેમાં ફેક ઓળખ, ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ કાર્ડ ફ્રોડ, ઓનલાઇન શોપિંગ ફ્રોડ, વિધાઉટ ઘઝડ સહિતના ફ્રોડ સમાવેશ થાય છે. જેમાં ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ એટલે કે શેરમાર્કેટ સ્કેમની રકમ ૨૫૦ કરોડ જેટલી થાય છે. ફેક ઓળખથી ૫૦ કરોડ, કાર્ડથી ૩૧ કરોડ, ઓનલાઇન શોપિંગથી ૧૫ કરોડ, વિધાઉટ ઓટીપી ૨૦ કરોડ રૂપિયાના ફ્રોડ થયા છે.



**સાયબર ફ્રોડથી બચવા શું કરવું**

વધુમાં જ્ડએ જણાવ્યું હતું કે, અમે સોશિયલ મીડિયા થકી આ પ્રકારના સાયબર ફ્રોડથી બચવા માટે અવરનેશ પ્રોગ્રામ કરવાના છીએ. આ પ્રકારના ફ્રોડથી સાવચેત રહેવાની જરૂર છે. આ ઉપરાંત ઘઝડ કે પાસવર્ડ કોઈની સાથે તમે શેર ન કરશો. જ્ખજ કે વોટ્સએપ પર કોઈ લિંક આવે તો અનવેરિફાઇ લિંક પર ક્લિક ન કરશો. તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટના પાસવર્ડ તમે સતત બદલતા રહો. તમારા ઓનલાઇન બેકિંગનો પાસવર્ડ પણ સતત બદલતા રહેવું જરૂરી છે.

તેઓએ ઉમેર્યું હતું કે, જ્યારે પણ ૧૯૩૦ નંબર ઉપર સાયબર ફ્રોડની ફરિયાદ કરવામાં આવે છે, ત્યારે ફરિયાદની જે એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર થયાં છે, તે બેંક એકાઉન્ટને તાત્કાલિક ફ્રીઝ કરાવી દેવામાં આવે છે. ગુજરાત રાજ્યની પોલીસની વિવિધ ટીમો આ કેસોમાં તપાસ કરતી હોય છે અને અમે મહદઅંશે લોકોના નાણાં પરત અપાવવામાં સફળ થઇ જતા હોઇએ છીએ.

# પાણી-ભુગર્ભ ગટર-કચરા નિકાલ જેવા કામો પર ફોકસ કરોઃ ગ્રામ વિકાસ બેઠકમાં રૂપાલા હાજર



રાજકોટ તા.૧૪ઃ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની બોર્ડમીટીંગમાં રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા હાજર રહ્યા હતા. ગ્રામ્યસ્તરે પાણી-ભુગર્ભ ગટર તથા કચરા જેવી પાયાની સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાની સૂચના આપી હતી.

જીલ્લા પંચાયત ખાતે ગ્રામ વિકાસ એજન્સીની બોર્ડ મીટીંગ રાખવામાં આવી હતી તેમાં મીશન મંગલમ, મનરેગા, પીએમ એ વાય સાંસદ આદર્શ ગ્રામ જેવી કલ્યાણકારી સરકારી યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ મીટીંગમાં જીલ્લાના સાંસદ અપેક્ષિત હોય છે ત્યારે પરસોતમ રૂપાલા પણ મીટીંગમાં પહોંચ્યા હતા.

મીટીંગમાં તેઓએ વિવિધ મુદાઓ પર સૂચનો પણ કર્યા હતા. કલ્યાણકારી યોજનાઓમાં કામની સ્પીડ વધારવાની તાકીદ કરી હતી. ગ્રામ્યસ્તરે પાણી-ભુગર્ભ ગટર તથા કચરાના નિકાલ-સ્વચ્છતાના કામો પર ધ્યાન ફોકસ કરવા સુચના આપી હતી.

# રાજકોટ પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

■ **અકસ્માત સંભવિત સ્થળોએ પેટ્રોલિંગ વધારવા આપી સૂચના**

રાજકોટ, તા. ૧૫: રોડ અકસ્માતના કારણે લોકોના જાનમાલનું નુકસાન અટકાવવા અર્થે કાર્યરત રાજકોટ શહેર માર્ગ સલામતીની બેઠક નવનિયુક્ત પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં પોલીસ કમિશનર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં બ્રિજેશકુમાર ઝાએ હાઈવે ટચ અકસ્માત સંભવિત ઝોનમાં સ્ટ્રીટ લાઈટ, સાઈનેજીસ, ઝીબ્રા ક્રોસિંગ, સ્પીડ બ્રેકર, રંબલ સ્ટ્રીપ સહિતની કામગીરી સત્વરે પૂર્ણ કરવા વિવિધ એજન્સીઓને સૂચના આપી હતી. આ સાથે હાઈવે પર આવા ઝોનમાં નાઈટ પેટ્રોલિંગ વધારવા પર પોલીસ કમિશનરે ભાર મૂક્યો હતો.

**પ્રિ-મોન્સૂન કામગીરીની સમીક્ષા કરી**

ચોમાસામાં વરસાદ સમયે અકસ્માત વધવાની સંભાવના વધવા સાથે પ્રિ-મોન્સૂન કામગીરી જેવી કે, રોડ સાઈડ ઝાડની ડાળીઓ કટિંગ કરવા, જોખમી



બેનર્સનો સર્વે કરવા, રોડ રીપેરીંગ સહિતની કામગીરી તાકીદે પૂર્ણ કરવા પોલીસ કમિશનરે મહાનગરપાલિકા તેમજ હાઈ-વે ઓથોરિટીને જણાવ્યું હતું. આ તકે શહેર આસપાસ વિવિધ બ્લેક સ્પોટ જેવા કે, જુના કુવાડવા પોલીસ સ્ટેશન, બેડી ચોકડી, ગોંડલ ચોકડી, માધાપર ચોકડી, હિરાસર એરપોર્ટ રોડ, ત્રંબા ગામ પાસે, ભાવનગર રોડ આજી ડેમ ચોક સહિતના હાઈવે પર સ્ટેટ તેમજ એન.એચ.એ.આઈ. દ્વારા સાઈનેઝીસ, માર્કિંગ, મીડીયમ ગેપ જોડાણ, સ્ટ્રીટ લાઈટ સહિતની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા ચલાવવામાં આવેલી એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંગે ડી.સી.પી. પૂજા યાદવ તેમજ આર.ટી.ઓ. અધિકારી રોહિત પ્રજાપતિએ હેલ્મેટ, સીટબેલ્ટ, ઓવર સ્પીડ સહિતના કરેલા કેસોની માહિતી પુરી પાડી જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ માસમાં હાઈવે પર ફેટલ અકસ્માતના પ્રમાણમાં ઘટાડો થયો જોવા મળેલ છે. માર્ગ સમાલતી અર્થે આર.ટી.ઓ દ્વારા કરવામાં આવેલા સેમિનાર્સ અંગે વિગતે માહિતી આપી હતી.

રોડ સેફ્ટી કાઉન્સિલના જે.વી. શાહે રાજકોટ શહેરમાં હિટ એન્ડ રનના ૨૨ જેટલા કિસ્સા પૈકી ૧૯ જેટલા કિસ્સામાં ભોગ બનનારને રાજ્ય સરકાર દ્વારા વળતર આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. અકસ્માતમાં ગંભીર લોકોને મદદરૂપ બનનાર લોકોને ગુડ સમરીટન એવોર્ડ આપવામાં આવે છે તેમજ તેઓનું રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સન્માન પણ કરવામાં આવશે.

**ઓવરસ્પીડના કારણે અકસ્માત**

૧૦૮ના રિજિયોનલ હેડ ચેતન ગાધેએ અકસ્માત સંદર્ભે આંકડાકીય એનાલિસિસની માહિતી આપતાં જણાવ્યું હતું કે, અકસ્માતમાં સૌથી વધુ પ્રમાણ ૨૦થી ૩૦ વર્ષ વચ્ચેના યુવાનો હોઈ છે. જેમાં મોટાભાગે હેલ્મેટ ના પહેરવા તેમજ વાહન ઓવર સ્પીડે ચલાવતા હોવાનું પ્રતીત થાય છે.

# શાળા-હોસ્પિટલોને છુટછાટ તો જ્ઞાતિઓની વાડી-હોલને કેમ નહીં ?

■ **કમિશ્નરને સોની સમાજ રજુઆત કરશે**

■ **અનેક પરિવારોના પ્રસંગ રઝળ્યા : ગઈકાલે વધુ ૩૧ એકમ સીલ : ૩૬ ઈમારત ખોલવા શરતી મંજૂરી**

રાજકોટ, તા. ૧૪: રાજકોટમાં લગ્નગાળાની સીઝન શરૂ થવાની છે અને પ્રસંગો શરૂ થયા છે ત્યારે ફાયર એનઓસીની કામગીરી માટે જ્ઞાતિની વાડીઓ, હોલ, પાર્ટી પ્લોટને પણ સીલ કરાયા છે અને શાળા-હોસ્પિટલો જેવી કોઈ છુટ ન અપાતા અનેક પરિવારોના અવસર રઝળી ગયા છે. આથી આવતીકાલે સોની સમાજ દ્વારા કમિશ્નરને રજુઆત કરવાની



જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટની સમસ્ત જ્ઞાતિ સંસ્થાઓની વાડી હોલમાં કોર્પોરેશન તરફથી સીલ મારવામાં આવતા દરેક સમાજના લોકોને સારા માઠા પ્રસંગોએ પારાવાર મુશ્કેલીઓ થઈ રહી છે.

આ મુશ્કેલીનો વ્યવહારૂ ઉકેલ લાવી મુશ્કેલી દૂર થાય તે માટે કમિશનરને સમસ્ત સોની સમાજ વતી ભાયાભાઈ સહોલિયા, દિનુમામા અરવિંદભાઈ પાટડીયા, મનુભાઈ એ વન તેમજ સોની સેનાના રવિકાંત વાગડિયા, પ્રશાંત લાઠીગારા, એડવોકેટ અશ્વિનભાઈ રાણપરા, કૈલાશભાઈ રાજપરા, મનીષભાઈ પાટડીયા, સંજયભાઈ આડેસરા વગેરેની આગેવાનીમાં કાલે શનિવારે સવારે ૧૧ વાગે આવેદનપત્ર આપવામાં આવશે. સમસ્ત સોની સમાજના લોકોએ મોટી સંખ્યામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફીસ ઢેબરચોક પાસે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. દરમ્યાન ગઈકાલે સાંજ સુધીમાં મનપાએ કુલ પર એકમોની ચકાસણી કરી હતી. તેમાં ફાયર સેફ્ટી સુવિધા વગરના વધુ ૩૧ સંકુલ સીલ કરી દેવામાં આવ્યા છે. અગાઉ સીલ કરાયેલા મોટા ભાગના બિલ્ડીંગ ખુલી ગયા છે. શાળા, હોસ્પિટલ શરૂ થઈ ગયા છે. તો સોગંદનામાના આધારે સીલ ખોલાતા હોય, ગઈકાલે રજુ થયેલી તમામ ૩૬ અરજીઓ મંજૂર કરાયાનું મનપાએ જણાવ્યું હતું.

# હાઉસીંગ બોર્ડે આનંદનગરમાં બનાવેલા કવાર્ટરના નળ-લાઇટ જોડાણ કટ : પરિવારોના કોર્પોરેશનમાં ધામા

## ૪૫ વર્ષ જુના આવાસો ખખડી જતા નોટીસો આપીને મનપાની કાર્યવાહીઃ કોર્પોરેશન અને વીજ કંપનીની ટીમો ઉતરી પડતા દોડધામ





### ૧૦૦ કવાર્ટર વધુ જોખમી છે : દર્દી સહિતના લોકો રસ્તા પર આવી ગયા

રાજકોટ, તા. ૧૫ઃ શહેરના દુધસાગર રોડ પર વર્ષો પહેલા હાઉસીંગ બોર્ડે બનાવેલા કવાર્ટર ખખડી જતા અને આ વખતે દુર્ઘટનાનો ખતરો વધતા તાજેતરમાં મનપા અને વીજ કંપનીએ પાણી તથા વીજ જોડાણ કાપવા કાર્યવાહી કરી હતી. તે બાદ આ જ રીતે કોઠારીયા રોડ પર નિલકંઠ સિનેમા સામે આવેલા અને હાઉસીંગ બોર્ડે જ બનાવેલા ત્રણ માળીયા ખખડેલા કવાર્ટરને પણ નોટીસ બાદ આજે નળ, લાઇટ જોડાણ કાપવા કામગીરી કરવામાં આવતા દેકારો બોલ્યો છે. ટુંકી મુદ્દતમાં આ સુવિધાઓ કાપી નાખવામાં આવતા વિસ્તારના લોકો આજે મહાપાલિકાએ દોડી આવ્યા હતા.

શાસક પક્ષના પૂર્વ નેતા અને ભાજપ કોર્પોરેટર વિનુભાઇ ઘવા, કિર્તીબા રાણા, કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર ઘનશ્યામસિંહ જાડેજા સહિતના આગેવાનો અને કવાર્ટર ધારકોએ ભાજપ કાર્યાલયમાં ધામા નાખ્યા હતા. કમિશ્નર આજે દિલ્હી હોવાથી હાલ તુરંત અન્ય કોઇ અધિકારીએ તેમને બાંધકામ સલામત કરવા કે સ્થળાંતર કરવા માટે કોઇ મુદ્દત આપી ન હતી પરંતુ ગરીબ પરિવારોનું હિત ધ્યાને લેતા તેઓને સમય આપવામાં આવે તેવી શાસક પક્ષ પાસે માંગણી કરવામાં આવતા ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાએ મધ્યસ્થી કરી છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા ૧૯૭૭માં નીલકંઠ સિનેમા સામે ૩-૩ માળની આવાસ યોજના બનાવવામાં આવી છે. આ કવાર્ટર ખખડી ગયા છે અને છેલ્લા થોડા વર્ષોથી મનપા દ્વારા આવાસો સલામત કરવા સતત નોટીસ આપવામાં આવી રહી છે. દરમ્યાન મનપાએ આપેલી નોટીસની મુદ્દત પૂરી થતા આજે સવારમાં મહાપાલિકા અને વીજ કંપનીના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. બંને તંત્રએ સૌથી વધુ જોખમી એવા કવાર્ટરના લાઇટ અને પાણી કનેકશન કાપવાનું શરૂ કરી દીધુ હતું.

આનંદનગર ઈ-૨, બગીચા પાસેના બ્લોક નં. ૩ અને ૫૦, પારડી રોડના બ્લોક નં. ૨૭ અને અજન્તા પાર્કના બ્લોક નં. ૩૧, ૩૩ના કુલ ૨૨૭ કવાર્ટરને નોટીસ આપવામાં આવી છે. આ પૈકી ૧૦૦ કવાર્ટર અતિ જર્જરીત હાલતમાં હોવાનું કહી આ કામગીરી શરૂ કરવામાં આવી હતી જેના પગલે વિસ્તારના લોકો કોર્પોરેટર સાથે મનપાએ દોડી આવ્યા હતા.

# રાજકોટમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## ગુજરાતમાં હજુ ભારે વરસાદની સીસ્ટમનો અભાવ રાજ સમઢીયાળા,રાણપુર પંથકમાં ઝાપટાં,રાજ્યમાં ૪૦થી ૬૦ ની ઝડપે ફૂંકાતા તીવ્ર પવનની સાથે વાદળોની આવ-જાઃ શાપર વેરાવળ, વલસાડ, લીંબડી સહિત વિસ્તારોમાં વરસાદ

રાજકોટ, નૈઋત્યનું ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ કરીને મંદ પડયું છે અને હજુ તે છત્તીસગઢ,ઓડીશા,આંધ્રપ્રદેશમાં આગળ વધવાના સંજોગો છે પરંતુ, ગુજરાતના દરિયાકાંઠામાં હજુ સાનુકૂળ પવન કે સાયકલોનિક સર્ક્યુલેશન જેવી કોઈ મજબૂત સીસ્ટમના તેમજ ઘટાટોપ વાદળોના અભાવે લોકોએ હાલ છૂટાછવાયા ઝાપટાંથી સંતોષ માનવો પડે તેમ છે. આજે રાજકોટ, શાપર વેરાવળ,વલસાડ, લીંબડી સહિત વિસ્તારોમાં હળવા-ભારે વરસાદી ઝાપટાં વરસ્યા હતા.



રાજકોટમાં જંક્શન પ્લોટ,સિંધી કોલોની વિસ્તાર તેમજ જામનગર રોડ ઘંટેશ્વરસહિત વિસ્તારોમાં વરસાદનું ધોધમાર ઝાપટું વરસી ગયું હતું પરંતુ, યુનિવર્સિટી રોડ, કાલાવડ રોડ સહિતના મોટાભાગના વિસ્તારો કોરાં રહ્યા હતા. જ્યારે રાજકોટ-ભાવનગર રોડ પર રાજ સમઢીયાળા પાસે ધોધમાર વરસાદના અહેવાલો છે. બોટાદના રાણપુરમાં પણ વરસાદી ઝાપટું વરસ્યું હતું.

સૌથી વધારે વરસાદ વલસાડમાં ૧૬ મિ.મિ.અને લીંબડીમાં ૬ મિ.મિ. આજે રાત્રિ સુધીમાં નોંધાયો છે જ્યારે કપરાડા, વાપી, બારડોલી સહિત પથકમાં ઝાપટાં વરસ્યા હતા.

મૌસમ વિભાગ અનુસાર સુરત, નવસારી, વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં અને અમરેલી, ભાવનગર સહિત સૌરાષ્ટ્રના કાંઠાળ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની ચેતવણી અપાઈ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના અભાવે તાપમાનનો પારો ઉંચો રહ્યો છે. આજે સૌથી વધુ તાપમાન ૪૧.૯ સે. વલ્લભ વિદ્યાનગરમાં જ્યારે ૪૧.૫ સે. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું જ્યારે ગાંધીનગર, રાજકોટમાં પણ તાપમાન ૪૧ સે.ને પાર રહ્યું હતું. અમરેલીમાં ૪૦.૪ અને સમગ્ર કચ્છ સહિત બાકીના સૌરાષ્ટ્રમાં અને દક્ષિણ ગુજરાતમાં પારો ૪૦ સે. નીચે રહ્યો હતો.

ગુજરાતમાં હાલ પવનની ગતિ અનેક સ્થળોએ ૪૦થી ૫૦ સુધીની તીવ્ર રહે છે, ગત ચોવીસ કલાકમાં અમદાવાદમાં સૌથી વધુ ૫૨ કિ.મી.ની ઝડપ, કચ્છમાં ૫૦અને જામનગર, બોટાદમાં ૪૪ કિ.મી.પવન નોંધાયો હતો. રાજકોટમાં સરેરાશ ૧૮ અને મહત્તમ ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય છે જેના પગલે વાદળો બંધાતા નથી અને હાલ છૂટાછવાયા વાદળો આવે છે ક્યાંક વરસે છે અને વિખેરાઈ જાય છે.

# માનવજીવનની સુરક્ષામાં સમાધાન ન ચાલે: વિકાસ કામોમાં ઢીલ કેમ?: ભૂપેન્દ્ર પટેલ

■ **લોકોની નાની નાની ફરિયાદો પર ધ્યાન આપો : પાલિકા-મહાપાલિકાઓને ચેક આપવા સાથે ભુપેન્દ્રભાઈની શીખ**



ગાંધીનગર, તા. ૧૪: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માનવજીવન સુરક્ષાને સૌથી પહેલી પ્રાયોરિટી આપવા સ્પષ્ટ તાકીદ કરી છે. માનવ જીવન સુરક્ષા સંદર્ભમાં કોઈ સમાધાન ન હોવું જોઈએ એમ પણ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. રાજકોટની ઘટનાને પણ આ વિધાન લાગુ પડતું હતું.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિકાસની આપણી તેજ રફતારમાં વિકાસ જેના માટે છે એ માનવીઓનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસ કામો માટેની ગ્રાન્ટના કુલ ૨૧૧૧ કરોડ રૂપિયાના ચેક વિતરણ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યની નગરપાલિકા-મહાનગરપાલિકાઓમાં વિકાસના અનેક સારા કામો થયા છે. આમ છતાં, ક્યાંક કોઈ કચાશ કે ઢીલાશ રહી જાય છે. આ સ્થિતિ નિવારવા માટે પદાધિકારીઓ-અધિકારીઓને આહવાન કરતાં તેમણે કહ્યું કે, વિકાસ કામોની ગુણવત્તા-ક્વોલિટીનું સમયાંતરે મોનિટરિંગ સાથે બેસીને થાય તે જરૂરી છે. એટલું જ નહીં, પ્રજાજનોની નાની-નાની ફરિયાદો પર પણ ધ્યાન આપીને તેનું યોગ્ય અને ત્વરિત નિવારણ થાય તે જ વિકાસની સાચી દિશા છે.

મુખ્યમંત્રીએ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ, અને સૌના પ્રયાસના ધ્યેય મંત્રને આગળ ધપાવવાની પ્રેરણા આપતા ઉમેર્યું કે, વડાપ્રધાને રોજિંદા જનજીવનમાં આપેલા મિશન લાઈફના આપેલા વિચારને સાકાર કરવા માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ નગરોમાં કરવું જરૂરી છે. તેમણે પર્યાવરણ અનુકૂલન વિકાસ સાથે સર્વગ્રાહી વિકાસ દ્વારા ગુજરાતને વિકસિત ભારતના સંકલ્પમાં અગ્રેસર રાખવા પણ આ તકે અનુરોધ કર્યો હતો.

મુખ્ય સચિવ રાજકુમારે ગુજરાતને દેશનું સૌથી અર્બનાઈઝ્ડ રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, દેશમાં વધી રહેલા શહેરીકરણને ધ્યાને લઈને ગુજરાતના શહેરોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા ૨૦૦૯-૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી હતી. શહેરોને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવા રાજ્ય સરકારે આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રૂ. ૩૮,૦૦૦ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની અંદાજે ૫૦ ટકા જેટલી વસ્તી જ્યારે શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે ત્યારે નાગરિકોને પાયાની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રીના નેતૃત્વમાં શહેરી વિકાસ કાર્યો માટે છેલ્લા એક વર્ષમાં અંદાજે કુલ રૂ.૫,૭૦૭ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. ફાઈનાન્સ બોર્ડના સી.ઈ.ઓ બી. બી. વહોનીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ ઉપરાંત રાજ્યની 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૪ કરોડ, 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ રૂ. ૩ કરોડ, 'ક' વર્ગની ૬૦ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૨.૨૫ કરોડ અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને પ્રત્યેકને રૂ. ૧.૫ કરોડ એમ કુલ રૂ. ૩૮૨ કરોડ સહિત સમગ્રતયા રૂ. ૨,૧૧૧ કરોડની ગ્રાન્ટના ચેક વિતરણ થયા હતા.

# સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં જતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને પણ અટકાવી દેવાયા



રાજકોટ, તા.૧૪: રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડોકટર અને કર્મચારી વચ્ચે ઝપાઝપી થયા બાદ સિક્યુરિટી વધારી દેવાઈ છે. નિવૃત ફૌજીઓની સિક્યુરિટી ગાર્ડ તરીકે ભરતી થઈ છે. ઈમરજન્સી વિભાગ સહિત તમામ વોર્ડ બહાર ગાર્ડસ મૂકી દેવાયા છે. કોઈને પણ આઈકાર્ડ કે પાસ વગર નો એન્ટ્રી કરી દેવાઈ છે.

જોકે આ વ્યવસ્થા થતા એક અવ્યવસ્થા પણ ઉભી થઇ છે. આજે સવારે ઈમરજન્સી રૂમ બહાર શિફ્ટ ચેન્જ થઈ ત્યારે ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફનો જમાવડો થઈ ગયો હતો. વિગતો મેળવતા જાણવા મળેલ કે, ગાર્ડ દ્વારા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં જતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને પણ અટકાવી દેવાયા હતા. કારણ કે આ લોકો પાસે આઈ કાર્ડ કે પાસ નહોતા.

નિયમ મુજબ કોઈને પણ પાસ વગર જવા દેવાના નથી તેવી કડક સૂચના છે. જેથી આ અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્ટાફમાંથી લોકોએ જણાવ્યું હતું કે, કેટલાક સિસ્ટર અને બ્રધર ૩ વર્ષથી કર્મચારી છે પણ તેઓને આઈ કાર્ડ અપાયું નથી.

આ બનાવથી સવારમાં જ ઈમરજન્સી રૂમ બહાર લોકો એકત્ર થઈ ગયા હતા. ડોકટરોએ તેમના સિનિયરને ફોન કર્યા હતા પણ વહેલી સવારમાં ફોન સ્વીચ ઓફ આવતા હતા. ત્યાર બાદ ફરજ પર આગલી શિફ્ટમાં જે આઈ કાર્ડ સાથેના ડોકટરો હતા તેની મધ્યસ્થી પછી સ્ટાફને એન્ટ્રી અપાઈ હતી.

## જેતપુરમાં પરીણિતાએ એસીડ પી જીવન ટુંકાવ્યુ

જેતપુર, તા. ૧૫: જેતપુરમાં દેરડીની ધારમાં રહેતી ચેતનાબેન સનીભાઈ સોલંકી (ઉ.વ.૨૬, રહે. દેરડીની ધાર, જેતપુર) તેણીએ ગઈ કાલ રાત્રીના દસેક વાગ્યાની આસપાસ બીમારીથી કંટાળી એસીડ પી લીધું હતું. બાદ સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બાદ વધુ સારવાર માટે જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. જ્યાં સારવાર દમ તોડી દિધો હતો. તેણી સાત બહેન અને એક ભાઈમાં ચોથા નંબરની હતી. તેમજ તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જેતપુર ઉદ્યોગનગર પોલીસને જાણ કરી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ઘણાં સમયથી પોલીસને સંડોવતા અપરાધો વધી રહ્યાની વડી અદાલતની ટીપ્પણી

- શું પોલીસને ગુના કરવાની છુટ છે? હાઈકોર્ટનો સવાલ
- ગુનેગાર પોલીસને છાવરવામાં આવે છે, પગલા તો ઠીક, ફરિયાદ પણ લેવાતી નથીઃ 'આમ ન થવું જોઈએ' કડક તાકિદ

અમદાવાદ, તા.૧૩ઃ કાયદાના રક્ષકો એવા પોલીસ દ્વારા જ થતા ગુનાઓના વધતી સંખ્યા અને તેમાં ગુનેગાર પોલીસને છાવરી લેવા સામે ગુજરાત હાઈકોર્ટે સખ્ત નારાજગી દર્શાવી છે અને આવા પોલીસને ગુના કરવાની છૂટ્ટ છે? તેવો સવાલ કર્યો હતો.

પાટણના પોલીસવડા આર.ડી. પટેલ તથા પોલીસ જવાનો સામે પગલા લેવાની અરજી પરની સુનાવણી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિર્જર દેસાઈએ એડીશ્નલ એડવોકેટ જનરલને એમ કહ્યું કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગુનાખોરીમાં પોલીસ સામેલ હોય તેવા કેસોની સંખ્યા વધી રહ્યાનું ધ્યાનમાં આવ્યું છે.



આવા પોલીસ સામે કોઈ કેસ નોંધાતો નથી કે ફરિયાદો લેવાતી ન હોવાની અદાલતમાં અરજી થાય છે. આમ ન થવું જોઈએ. ચોક્કસ વર્ગને ગુનાખોરી સામે રક્ષણ મળતું હોવાના અને તેઓનો વાળ વાંકો થતો ન હોવાના ખોટા મેસેજ જાય છે. અમદાવાદના શાકભાજીના ધંધાર્થી અતુલ પ્રજાપતિનું ૧લી એપ્રિલે ચાર અજાણ્યા શખ્સોએ કરેલા અપહરણના કેસમાં સરકારનું ધ્યાન દોરતા હાઈકોર્ટે કહ્યું કે પાટણ એલસીબીની ઓળખ આપનારા આ શખ્સોએ પછી તેને કલોલ નજીક મુક્ત કર્યો હતો. પાટણના પોલીસ વડાએ ધમકીભર્યા કોલ કર્યાનું ફરિયાદીનું કહેવું છે. ફરિયાદીની ફરિયાદ લેવામાં આવી નથી. અન્ય તંત્ર દ્વારા પણ ફરિયાદ પર લક્ષ્ય અપાયું નથી એટલે છેવટે તેણે હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડ્યા છે. હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે ગમે તેને ધમકી આપવાની, માર મારવાની, ખંડણી માંગવાની છુટ્ટ હોય તેવું પોલીસ માનવા લાગી છે. ગુનેગાર પોલીસ અધિકારીઓને છાવરવા માટે સામાન્ય લોકોની ફરિયાદ પણ સાંભળવામાં આવતી નથી. આ ફરિયાદો કચરાપેટ્ટીમાં જ નાખી દેવાય છે. સરકારી વકીલે સ્વીકાર્યું કે સીનીયર પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ સરકારનો ૬ થી ૭ અરજી મળી છે. જોઈન્ટ કમીશનરના સુપરવિઝન હેઠળ ડીસીપી મારફત તપાસ કરાવવાની ખાતરી આપી હતી.

# એપ્રિલ મહિનામાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સૌથી મોટો ૧૭.૫ ટકાનો વધારો રાજકોટમાં નોંધાયો

- **શેરબજારના સુવર્ણકાળમાં ગુજરાતનો ડંકોઃ એક્ટિવ ઈન્વેસ્ટરો ધરાવતા ટોપ-૧૦ માં રાજકોટ સહિત ૩ શહેરો**

અમદાવાદ, તા.૧૪ઃ ભારતીય શેરબજારનો સુવર્ણકાળ ચાલી રહ્યો હોય તેમ કેટલાંક વખતથી સેન્સેકસ-નિફટી નવી-નવી ઉંચાઈ બનાવી રહ્યા છે.રીટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યામાં પણ રેકોર્ડબ્રેક વધારો થઈ રહ્યો છે ત્યારે એનો રસપ્રદ આંકડાકીય રીપોર્ટ જાહેર થયો છે કે એક્ટીવ ઈન્વેસ્ટરો ધરાવતા દેશનાં ટોપ-૧૦ શહેરોમાં રાજકોટ સહીત ગુજરાતનાં ત્રણ શહેરો સામેલ છે.

નેશનલ સ્ટોક એકસચેંજનાં રીપોર્ટમાં એમ જાહેર થયુ છે કે ગત એપ્રિલમાં ઈન્વેસ્ટરોની સંખ્યામા વૃધ્ધિદરમાં રાજકોટ સમગ્ર દેશમાં અવ્વલ રહ્યું હતુ.આ મહિનામાં રાજકોટમાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં ૧૭ ટકાનો વધારો થયો હતો. જયારે ટર્ન ઓવરની દ્રષ્ટ્રિએ અમદાવાદ મેદાન મારી ગયુ હતું ૬૩૦૦૦ કરોડના ટર્નઓવર સાથે ગુજરાતમાં પ્રથમ અને દેશલેવલે ત્રીજા સ્થાને રહ્યું હતુ આ રીપોર્ટ પરથી ભારતીય શેરબજારમાં ગુજરાતનો સિંહફાળો હોવાનું સાબીત થાય છે. એપ્રિલ ૨૦૨૪ માં અમદાવાદમાં ૪.૧૦ લાખ યુનિક ઈન્વેસ્ટરો હતા જેઓ મહિનામાં ઓછામાં ઓછુ એક વખત શેરબજારમાં ટ્રેડીંગ હતું. સુરતમાં આવા ઈન્વેસ્ટરોની સંખ્યા ૨.૯૬ લાખ તથા રાજકોટમાં ૧.૬ લાખની હતી. ગત મહિને દેશનાં તમામ જીલ્લાઓમાં મહિનામાં ઓછામાં ઓછુ એક વખત ટ્રેડીંગ કરનારા ઈન્વેસ્ટરોની સંખ્યામાં વધારો થયો હતો. માસીક ધોરણે ૪.૬ ટકાનો વધારો નોંધાયો હતો અને ઈન્વેસ્ટરોની કુલ સંખ્યા ૪.૪ લાખ થઈ હતી. એકટીવ ઈન્વેસ્ટરોની કુલ સંખ્યામાં ૧૦.૫ લાખની સંખ્યા સાથે મુંબઈ ટોચ પર યથાવત રહ્યું હતું. માસીક ધોરણે એક્ટીવ ઈન્વેસ્ટરોની સંખ્યા વધારો ૨.૫ ટકા હતો. બીજા સ્થાને દિલ્હીમાં ૯.૯ લાખ એકટીવ ઈન્વેસ્ટરો નોંધાયા હતા અને તેમાં માસીક વધારો ૨.૪ ટકા હતો.અમદાવાદમાં એકટીવ ઈન્વેસ્ટરોમાં ૧૩.૧ ટકાની વૃધ્ધિ હતી અને સંખ્યા ૪.૧ લાખની થઈ હતી દેશ લેવલે ત્રીજા સ્થાને રહ્યું હતું.



માસીક ધોરણે ઈન્વેસ્ટરોની સંખ્યા વૃધ્ધિમાં રાજકોટ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે હતું ૧૭.૫ ટકાના વધારા સાથે એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યા ૧.૬ લાખ થઈ હતી. એપ્રિલ મહિનામાં સૌથી વધુ એકટીવ ઈન્વેસ્ટરો ધરાવતાં ટોપ-૧૦ જીલ્લામાં સરેરાશ ૬.૨ ટકાનો વધારો થયો હતો.

એનએસઈના રીપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ટોપ-૧૦ જીલ્લામાં એકટીવ ઈન્વેસ્ટરોનાં સરેરાશ ટર્નઓવરમાં પણ માસીક ધોરણે ૨૬.૮ ટકાનો મોટો વધારો થયો હતો અને તે ૬.૭ લાખ કરોડે પહોંચ્યુ હતું. ઈન્વેસ્ટરોનાં વ્યકિતગત ટર્ન ઓવરમાં મુંબઈ ટોચ પર હતું. ૨૩.૪ ટકાની વૃધ્ધિ સાથે ૧.૯ લાખ કરોડ હતું.

બીજા ક્રમે દિલ્હીમાં ૧.૬ લાખ કરોડ નોંધાયુ હતું. આ સિવાય અમદાવાદનું ટર્નઓવર ૨૮.૩ ટકા વધીને ૬૩૦૦૦ કરોડ, બેંગ્લોરનું ૨૭.૨ ટકા વધીને ૫૭૦૦૦ કરોડ તથા પુનાનું ૨૫.૫ ટકા વધીને ૪૦,૦૦૦ કરોડ હતું.



# મનપા કચેરીમાં 'આપ'ની ધમાલ : ચકકાજામ કરતા પોલીસે ટીંગાટોળી કરીને કાર્યકરોને ઉપાડયા

## અગ્નિકાંડની ઘટના બદલ પ્રજાના ટેકસમાંથી પગાર સહિતની સુવિધા ભોગવતી મહાપાલિકાને સુપરસીડ કરવા માંગણી : તમામની જવાબદારી નકકી કરી દાખલારૂપ સજા કરો

- **ઢેબર રોડ પર ભરબપોરે આગેવાનો બેસી જતા પોલીસ દોડી આવી : ઉગ્ર સુત્રોચ્ચાર વચ્ચે ટ્રાફિકજામ થઇ ગયો : સીલીંગની કામગીરીમાં પણ અતિરેક : ૧૬ની અટકાયત**

રાજકોટ, તા. ૧૫: રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગની ઉચ્ચ કક્ષાએ તપાસ ચાલુ છે ત્યારે આ ઘટના બાદ પૂરા શહેરમાં ફાયર એનઓસી અંગે આડેધડ થતી કામગીરી સામે આજે આમ આદમી પાર્ટીએ મહાપાલિકામાં ઉગ્ર વિરોધ ઠાલવ્યો હતો. ડે.કમિશનરને આવેદન બાદ પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મનપાના ગેટ બહાર બેસી ગયા હતા અને ચકકાજામ કરતા બસ સ્ટેન્ડ લાગુ ઢેબર રોડ પર ટ્રાફિક જામ થઇ ગયો હતો. કાર્યકરોએ તાનાશાહી નહીં ચાલે તેવા સુત્રોચ્ચાર કર્યા હતા અને જયાંથી અધિકારીઓ અને ચૂંટાયેલા લોકોને પ્રજાના ટેકસમાંથી પગાર સહિતના લાભો મળે છે તે મહાપાલિકાને સુપરસીડ કરવા માંગ કરી છે. ધમાલ વચ્ચે પોલીસે ટ્રાફિક જામ કલીયર કરવા હોદ્દેદારો અને કાર્યકરોની ટીંગાટોળી કરીને પોલીસ વાનમાં બેસાડી દીધા હતા. એ ડીવીઝન પોલીસે મનપા કચેરીમાંથી પાર્ટીના ૧૬ કાર્યકરોને ડીટેઇન કર્યાનું જણાવ્યું હતું. આવેદનમાં પાર્ટીએ જણાવ્યું હતું કે, તા.૨૫-૫ના રોજ ટીઆરપી ગેમઝોનમાં આગની દુર્ઘટના બાદ ગુજરાત સરકારના દ્વારા (સીટ)ની રચના કર્યા બાદ તેમજ હાઇકોર્ટ દ્વારા સુઓમોટો લીધા બાદ શહેરમાં સોસાયટીના કોમ્યુનિટીહોલ, સમાજની વાડીઓ, ટયુશન કલાસીસ, શાળા, કોલેજોમાં અને કોમર્શિયલ બિલ્ડીંગો મ્યુનિ. કોર્પોરેશન આડેધડ કોઇપણ સાંભળ્યા વિના તેમજ દસ્તાવેજી પુરાવા અંગે સમય આપ્યા વિના ધડાધડ સીલ કરે છે, નોટીફીકેશન-પરીપત્રો દ્વારા ફાયર સેફટી એકના અમલમાં વખતોવખતની પરિસ્થિતિ જોઇએ અને લાગુ પડતા એકમોને જ સીલ કરવામાં આવે છે. કોર્પોરેશનમાં અગાઉ ભયંકર ભ્રષ્ટાચારના હિસાબે ફાયર વિભાગની કામગીરીમાં સવાલો ઉઠેલ જેમાં અરજદારોની અરજી તારીખ, ઇન્સ્પેકશન અને એનઓસીઓ સમયગાળા ચકાસવામાં આવશે તો તમામ વિગતો બહાર આવશે જેનો સુધારો કરીને પારદર્શક અને ઝડપથી કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા જરૂરી છે.

# આધાર કાર્ડ અપડેટ કરવાનો સમય ત્રણ મહિના વધ્યો

નવી દિલ્હી સરકારે આધાર કાર્ડ ફ્રીમાં અપડેટ કરવાની સમય મર્યાદા ત્રણ મહિના વધારી દીધી છે. અગાઉ આ સમયમર્યાદા ૧૪ જૂન, ૨૦૨૪ હતી. હવે સુધારેલી તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૨૪ થઈ ગઈ છે.

સરકારે આ મોહતલ ઘણી વખત લંબાવ્યું છે. આધારમાં ફ્રી અપડેટ સર્વિસ માત્ર ઓનલાઈન માધ્યમથી જ ઉપલબ્ધ થશે. આધાર કેન્દ્રની મુલાકાત લઈને આધાર અપડેટ કરવા માટે, તમારે આ સેવા માટે ફી ચુકવવી પડશે.જો તમે તમારા ઘરનું સરનામું, ફોન નંબર અને ઈમેલ આઈડી અપડેટ કરવા ઈચ્છો છો, તો તેના માટે ૩૦ સપ્ટેમ્બર સુધી કોઈ ફી લેવામાં આવશે નહીં. ફેરફારો મફતમાં ઓનલાઈન કરી શકાય છે. જો તમે આ કાર્ય કરવા માટે આધાર કોમન સર્વિસ સેન્ટર પર જાઓ છો, તો તમારે તેના માટે ૫૦ રૂપિયા ખર્ચવા પડશે.

જો તમે આધાર કાર્ડમાં તમારો ફોટો, બાયોમેટ્રીક અને આઈરીસ જેવી માહિતી અપડેટ કરવા માંગો છો, તો તેના માટે તમારે આધાર સેન્ટર પર જઈને ફી ચૂકવવી પડશે.

આધાર અહીં જરૂરી છે બેંક ખાતું ખોલવું, સરકારી યોજનાઓનો લાભ લેવો, સિમ કાર્ડ ખરીદવું, મકાન ખરીદવું વગેરે જેવી તમામ નાણાં સંબંધીત પ્રવૃતિઓ માટે આધાર જરૂરી છે. આવી સ્થિતિમાં જો આધાર કાર્ડને સમય-સમય પર અપડેટ કરવામાં ન આવે તો અનેક કામો અટકી પણ જાય છે. આધાર કાર્ડ દરેક નાગરિક માટે હવે ફરજીયાત બન્યુ છે.




### ફેરફાર કરવા શું કરશો?

- આધાર વેબસાઈટ પર જાઓ.
- આ પછી અપડેટ આધાર પર કિલક કરો.
- આધાર નંબર દાખલ કરીને ઓટીપી વડે લોગીન કરો. રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી આવશે.
- આ પછી અપડેટ આધાર પર કિલક કરો.
- હવે નવા સરનામાથી સંબંધીત દસ્તાવેજો અપલોડ કરો અને સબમીટ પર કિલક કરો.
- એકવાર વિનંતી મંજુર થઈ જાય પછી, ૧૪ અંકની યુઆરએન નંબર જનરેટ થશે.
- તેને સાચવો, થોડા દિવસો પછી તમારું આધાર કાર્ડ અપડેટ થઈ જશે.
- વિનંતી નંબર દ્વારા તમે આધારની સ્થિતિ ચકાસી શકો છો.

# જેતપુરના વેપારીએ આંધ્રપ્રદેશ મોકલાવેલા ૧૦.૫૦ લાખના ધાણા પહોંચ્યા જ નહીં, એકની ધરપકડ

જેતપુર, તા. ૧૫ઃ શહેરના માર્કેટીંગ યાર્ડ પાસે સીધેશ્વર એગ્રી એક્ષપોર્ટના નામથી જથ્થાબંધ અનાજ કારીયાણાનો વેપાર કરતા જીતુભાઇ હેમનાણીને આંધ્રપ્રદેશની જુદીજુદી પેઢી દ્વારા ધાણાનો ઓર્ડર મળ્યો હતો.

જેતપુર શહેરના એક વેપારીએ આંધ્રપ્રદેશના વેપારીઓના ઓર્ડર મુજબ ધાણાનો જથ્થો ટ્રક મારફતે મોકલ્યો હતો, પરંતુ તે ટ્રક આંધ્રપ્રદેશ ન પહોંચતા વેપારીએ ટ્રક ચાલક, ક્લીનર તેમજ માલિક વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી.

શહેરના માર્કેટીંગ યાર્ડ પાસે સીધેશ્વર એગ્રી એક્ષપોર્ટના નામથી જથ્થાબંધ અનાજ કારીયાણાનો વેપાર કરતા જીતુભાઇ હેમનાણીને આંધ્રપ્રદેશની જુદીજુદી પેઢી દ્વારા ધાણાનો ઓર્ડર મળ્યો હતો. પેઢીઓના ઓર્ડર મુજબ જીતુભાઈએ ધાણાનો ૫૦૦ ગુણીનો જથ્થો ટ્રક મારફત આંધ્રપ્રદેશના વિશાખાપટનમ ખાતે મોકલ્યો હતો અને આ ટ્રક આંધ્રપ્રદેશ પહોંચાડવાની જવાબદારી ગોંડલના નવાબ રોડવેઝ ટ્રાન્સપોર્ટની હતી.



તેઓને માલના ભાડા પેટેના ૬૩ હજાર રૂપિયા ગુગલ પેથી ચૂકવેલ હતા, પરંતુ ચાર દિવસ થયાં છતાં માલ વિશાખાપટનમ ન પહોચતા જીતુભાઇ દ્વારા ગોંડલ ખાતે ટ્રાન્સપોર્ટના યાશીનભાઇ પૂછતાં તેમણે જણાવેલ કે, ડ્રાઈવરનો ફોન બંધ આવે છે ટ્રક માલીક અશોકભાઈ સાથે ફોનમાં વાત કરાવું, ત્યારબાદ ટ્રક માલિકનો પણ ફોન બંધ થઈ ગયો. જીતુભાઈને સમજાય ગયું કે તેમની સાથે છેતરપીંડી થઈ છે. જેથી જીતુભાઈએ, ટ્રક ડ્રાઈવર ક્લીનર ધીરુભાઈ તેમજ ટ્રક માલિક અશોકભાઈ અને અમરપુરી, વિરુદ્ધ ૫૦૦ ગુણી ધાણા કિંમત રૂપિયા ૧૦.૫૦ લાખનો માલ ઓળવી જવાની વિશ્વાસઘાત અને છેતરપીંડીની સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં સિટી પોલીસે એક આરોપી ધરપકડ કરી હતી.

જેતપુરથી ટ્રક મારફતે ધાણા ભરીને આંધ્રપ્રદેશ ના વિશાખપટનમ જવા નીકળ્યા હતા પરંતુ,ટ્રક ડ્રાઈવર,ક્લીનર ,અને ટ્રક મલિક દ્વારા રસ્તામાં ટ્રકમાંથી ધાણાની ૫૦૦ બેગ ઉતારી લેવામાં હતી, જેમાંથી ઝડપાયેલ આરોપી અમરપુરીને તેના ભાગમાં આવતા ૫૦ બેગ ધાણા અને ૧૦ હજાર રોકડ રકમ આપવામાં હતી. જ્યારે ૪૫૦ ધાણાની બેગ લઈને ડ્રાઈવર અને ટ્રક માલિક બંને આરોપીઓ જતા રહ્યા હતા.

સાથે જ ત્રણે આરોપી દ્વારા ટ્રકમાં અમુક ધાણાની બોરીઓ સાથે ટ્રક સળગાવી નાંખવાનો પ્લાન હતો. જેથી કરીને તેવાનો ભાંડો ન ફૂટે પરંતુ જેતપુર સિટી પોલીસની અલગ અલગ ટીમો તપાસ કરી હતી ત્યારે એક માહિતી મળી કે ટ્રક મહારાષ્ટ્રની બોર્ડર પાસે છે ત્યારે ત્યાં તપાસ કરતા ટ્રક અને ધાણાની ૫૦ બેગના મુદ્દામાલ સાથે અમરપુરી ગૌસ્વામીની ધરપકડ કરીને ૫ દિવસના રિમાન્ડ મળ્યા હતા.

પોલીસ પૂછપરછમાં પોપટ બની ગયો હતો. સાથે જ ટ્રક માલિક અશોક અને તેનો મિત્ર પ્રભાત સિંહ ઉર્ફે કાનભા કઠિયા અને ડ્રાઈવર ક્લીનર ધીરુભાઈ જેવો ૪૫૦ બેગ ધાણા લઈને ફરાર થઈ ચુક્યા છે ત્યારે ફરાર આરોપીને શોધવા માટે પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. હાલ તો પોલીસે ટ્રક અને ધાણાની ૫૦ બેગ મળી કુલ.૧૬ લાખ ૧૨ હજાર ૬૧૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.




સાવરકુંડલામાં શ્રી લલ્લુ ભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં થોડા સમયમાં દર્દી નારાયણ ની સેવામાં ઘણા નવા વિભાગ તથા નવી ટેકનોલોજીના સાધનો ઉમેરાયા છે. આથી વીજળી ના વધારે બેકઅપ ની જરૂરિયાત ઉભી થતા વધારે કેપેસિટી સાથેના જનરેટરની જરૂરિયાત પડી.

આ જનરેટરના કોટેશન સાથે ની જાણકારી દાતાશ્રીઓને આપવામાં આવી. તેમાંથી શ્રી શશીકાંતભાઈ બદાણી સાહેબે (મુંબઈ) આરોગ્ય મંદિર ઉપર જાણે ઉદારતા ની વર્ષા કરતા હોય તે રીતે ઘરે બોલાવી આજરોજ આ જનરેટર માટે ૧૮,૫૦,૦૦૦નો ચેક અર્પણ કરેલ છે.

# વેરાવળ રેડ ક્રોસ ભવન ખાતે રક્તદાતા દિવસ મહા રકતદાન કેમ્પ દ્વારા ઉજવાયો

વેરાવળ, તા. ૧૫ઃ વિશ્વ વિભૂતિ વૈજ્ઞાનિક કાર્લ લેન્ડસ્ટેઈનરની યાદમાં ૧૪ મી જુન વિશ્વ રકતદાતા દિવસ તરીકે ઉજવાય છે. જેના અનુસંધાને નેશનલ બ્લડ ટ્રાન્સ્ફયુઝન કાઉન્સિલ, ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઓફ બ્લડ ટ્રાન્સ્ફયુઝન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય, જિલ્લા વહીવટી તંત્ર, ગીર સોમનાથના માર્ગદર્શન હેઠળ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ જિલ્લા શાખા દ્વારા આજરોજ રકતદાતા દિવસ નિમિત્તે મહા રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં આ લખાય છે ત્યારે ૬૦ થી વધુ બ્લડ યુનિટ



એકઠું થયું હતું. આ પ્રસંગે દિપ પ્રાગટય નિમિત્તે રેસીડેન્ટ અધિક કલેકટર શ્રી રાજેશ આલ સાહેબ, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશી સાહેબ, મામલતદાર શ્રી ભાવેશ નાગ્રેચા સાહેબ સહિત બહોળા પ્રમાણમાં વહીવટી અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વેએ રક્તદાન પણ કરેલ હતું.

# વેરાવળમાં ફાયર સેફટી ન હોવાથી એક શાળા અને છ ટયુશન કલાસીસ સીલ કરવાની આવ્યા

■ **પ્ર.પાટણમાં મંજુરી અને ફાયર સેફટી વગર ચાલતી ગેરકાયદેસર શાળા ધ્યાને આવતા અધિકારીઓ ચોંકી ઉઠયા**

વેરાવળ, તા. ૧૫ઃ વેરાવળમાં ફાયર સેફટી મુદ્દે તંત્રએ એકશન મોડમાં આવીને ટયુશન કલાસીસો અને શાળાઓમાં તપાસ હાથ ધરી હતી. જેમાં ફાયર સેફટી ન હોવાથી ૬ ટયુશન કલાસીસો અને ૧ અનઅધિકૃત શાળા મળી આવતા તંત્ર દ્વારા સાતેય મિલ્કતોમાં સીલ મારવાની કામગીરી હાથ ધરતા ચકચાર સાથે ફફડાટની લાગણી પ્રસરી છે.

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સફાળી જાગેલી સરકાર દ્વારા ફાયર સેફટી મુદ્દે કડક કાર્યવાહી કરવા સુચના આપી છે.



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

જેને લઈ આજે સવારથી જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સુચનાથી શિક્ષણ, પાલીકા અને ફાયર વિભાગના અધિકારીઓની એક ટીમ બનાવીને શહેરમાં જુદા જુદા સ્થળોએ ચાલતા ટયુશન કલાસીસો અને શાળાઓમાં ફાયર સેફટી મુદ્દે તપાસ હાથ ધરી હતી. જેમાં એસટી રોડ પર આવેલ બંસીધર કોમ્પ્લેક્ષ અને વિનાયક પ્લાઝામાં ચાલતા (૧) આલ્ફા કલાસીસ, (૨) લક્ષ્ય એકેડમી, (૩) ઉડાન કલાસીસ, (૪) સ્વામી વિવેકાનંદ એકેડમી અને લાઈબ્રેરી, (૫) પ્રભુધન કોમ્પ્યુટર કલાસીસ, (૬) મારૂતી ટયુશન કલાસીસમાં જરૂરીયાત મુજબની ફાયર સુવિધા ન હોવા અને મંજુરી મેળવેલ ના હોવાનું ધ્યાને આવતા વિદ્યાર્થીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને છએય કલાસીસોને સીલ કરવામાં આવેલ હતા.

હાલ આ શાળામાં ૨૦૩ જેટલા વિદ્યાર્થીઓનું એડમિશન છે જેથી બાળકોનું શિક્ષણ બગડે નહીં તે માટે આ તમામ વિદ્યાર્થીઓનું આસપાસની સરકારી શાળામાં પ્રવેશ અપાવવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ, શહેરમાં ગેરકાયદેસર ચાલતી શાળા સામે શિક્ષણ વિભાગની કડક કાર્યવાહીના પગલે ચકચાર જાગી છે.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી પુજા અર્ચના કરી



તસવીરઃ રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૫ઃ કેન્દ્રની મોદી સરકાર ૩.૦ માં શ્રમ અને રોજગાર તેમજ યુવા વિકાસ વિભાગમાં નવનિયુક્ત મંત્રી પદ સાંભળનાર ડો.મનસુખભાઈ માંડવીયાએ આજ રોજ સજોડે સોમનાથ મહાદેવના દર્શનાર્થે પધાર્યા હતા. પ્રથમ મંત્રી માંડવીયાએ સોમનાથ મહાદેવને જલાભિષેક અને પૂજા અર્ચના બાદ સોમેશ્વર પૂજા તેમજ પાઘ પૂજા કરી હતી અને દેવાથી દેવ સોમનાથ મહાદેવને કલાત્મક પાઘ અર્પણ કરી હતી. સોમનાથ મહાદેવને દર્શન કરી દેશ અને રાજયની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી સોમનાથ ખાતે કેન્દ્રીય મંત્રીનું ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડા દ્વારા સ્મૃતિ ભેટ આપી અભિવાદન કરાયું હતું. કેન્દ્રીય મંત્રીના સોમનાથ દર્શનના પ્રવાસ દરમ્યાન ભાજપ પ્રમુખ મહેન્દ્ર પિઠીયા, પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, માજી મંત્રી જશાભાઈ બારડ, સાંસદ રાજેશ ચુડાસમા, પાલિકા પૂર્વપ્રમુખ કિશોર કુહાડા સહિતના ભાજપના આગેવાનો કાર્યકરો જોડાયા હતા.

# ટીઆરપીના પીડિત પરિવારોની માંગણીઓને લઇ કોંગ્રેસ લડી લેવાના મૂડમા

**અગ્નિકાંડ મૂદ્દે આજે કોંગ્રેસ પોલીસ કમિશ્નર ઓફિસે ઘેરાવો**



રાજકોટ, તા. ૧૫ઃ ગેનીબેન ઠાકોર, અમિત ચાવડા,જિજ્ઞેશ મેવાણી, વિમલ ચુડાસમા સહિત અનેક ધારાસભ્યો, નેતાઓ હાજર રહેશે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ મુદે પીડિત પરિવારોની માંગણીઓને લઇ કોંગ્રેસ આક્રમક મૂડમા જોવા મળી રહી છે ત્યારે કોંગ્રેસ દ્વારા અલગ અલગ કાર્યક્રમો દ્વારા સરકારને જગાડવા લડી રહી છે. છેલ્લા ૧૫ દિવસથી જિજ્ઞેશ મેવાણી સહિત અનેક પ્રદેશના નેતાઓએ રાજકોટમા ધામા નાખીને અનેક મિટીંગો,પત્રિકા વિતરણ તેમજ ત્રણ દિવસીય પ્રતિક ઉપવાસ કાર્યક્રમ યોગ્ય હતા તેમ છતા કોંગ્રેસનુ કહેવુ છે કે પીડિત પરિવારોની માંગણીઓ હજુ સ્વીકારાય નથી જેથી આવતિકાલે ૧૫ જુનના પીડિત પરિવારોને સાથે રાખો કોંગ્રેસના આગેવાનો, સાંસદો, ધારાસભ્યો સહિત ૧૫૦૦ કાર્યકરો પોલીસ કમિશનર ઓફીસનો ઘેરાવનો કાર્યક્રમનો કોલ આપ્યો છે અને ૨૫મી જૂન રાજકોટ બંધનું એલાનનો કોલ આપ્યો છે.

તેઓની મુખ્ય માંગ છે કે (૧) SITમા નોનકરપ્ટેડ અને બાહોશ અધિકારીને નિમણૂક કરો (૨) પીડિત પરિવારોને ૧ કરોડની સહાય (૩) ૧ વર્ષમાં આ કેસની ટ્રાઈલ પૂરી થાય તે માટે કેસને ફાસ્ટટ્રેકમાં ચલાવવા માંગ.

લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી

AM TRADING

ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

Design by:- With Me Digital : 9537300305



દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા


વોટ્સએપ પર

Hi લખીને મોકલો

98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...



VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062